**સુવિચાર**

માતા-પિતાની શીતળ છાયા ભાગ્યશાળી સંતાનોના નસીબમાં હોય છે. માતા-પિતાના ચરણ અડસઠ તીર્થ છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૬/૧૦/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ આસો વદ-૧૦ વર્ષ : ૧૫ અંક : ૨૬૭










એસપીની સુચનાથી સ્થાનિક પોલીસનો સપાટો

## રાજુલા પંથકમાં હત્યાનો ગુન્હો કરનાર આરોપીઓને ઝડપી લેવાયા

### હિંડોરણાથી જુની કાતર માર્ગ પરથી આરોપી ઝડપાયા



અમરેલી, તા. ૨૫

ખાંભા તાલુકાના જામકા ગામે આવેલ ત્રિવેણી ચોક પાસે રહેતા ભોપાભાઈ ચીથરભાઈ મકવાણા નામનાં ૬૫ વર્ષિય વૃધ્ધના દીકરા મનુભાઈ ઉર્ફે મામયો નામનાં ૩૩ વર્ષિય યુવકના મિત્ર નાગભાઈ દડુભાઈ વણઝરને આ આરોપી એકતાબેન હમીરભાઈ લાખણોત્રા (રહે. બાર પટોળી, રાજુલા) સાથે પ્રેમ સંબંધ હોય. જેથી આ કામના આરોપી એકતાબેન તથા કનુભાઈ બાબુભાઈ લાખણોત્રા તથા નાગભાઈ વાસુરભાઈ વાધુ તથા અન્ય પાંચ અજાણ્યા આરોપીઓએ પૂર્વ આયોજીત કાવતરૂ રચી આ કામના આરોપી એકતાબેને પોતાના પ્રેમી નાગભાઈ દડુભાઈ વણઝરને રાજુલા તાલુકાના જૂની બારપટોળી ગામે મળવા

અનુસંધાન પાના ૬ ઉપર

પિતાએ નશામાં ધુત થઈને ધક્કો મારી દીધાનો માતાનો આક્ષેપ

## લાઠીનાં શેખપીપરીયા ગામે ૪ વર્ષની બાળકીનો મૃતદેહ કૂવામાંથી મળી આવતાં ચકચાર મચી

### દારૂનાં દુષણે અનેક પરિવારોની હાલત બગાડી નાખી

અમરેલી, તા ૨૫

લાઠીનાં શેખપીપરીયમા ગામે ૪ વર્ષની બાળકીનો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી છે અને બાળકીને તેમનાં પિતાએ જ નશામાં ધૂત થઈને કુવામાં ધકેલી દીધાનો આક્ષેપ બાળકીનાં માતાએ કરેલ છે.

આ બનાવમાં મળતી વિગત મુજબ લાઠી તાલુકાનાના શેખપીપરીયા ગામે રહેતા મધ્યપ્રદેશના પરપ્રાંત મજૂરે પોતાની એક ૪ વર્ષની દીકરીને કૂવામાં નાખી દીધી હતી. બાદમાં બાળકીની લાશ કૂવામાંથી મળી આવતાં લાઠી પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી હતી.

આ બનાવમાં બાળકીના પિતાએ નશામાં ધૂત થઈ પોતાની દીકરીને કુવામાં ધકેલી દીધાનો બાળકીની માતાએ આક્ષેપ કરતાં પોલીસે બનાવ અંગે તપાસ હાથ ધરેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, દેશી–વિદેશી દારૂનાં વેચાણ ઉપર પ્રતિબંધ હોવા છતાં પણ શહેરથી લઈને ગ્રામ્ય વિસ્તાર સુધી દારૂનું દુષણ ફેલાયું હોય અનેક શ્રમિક પરિવારોનાં મોભી દારૂનાં રવાડે ચડીને તેમની પોતાની અને પરિવારની જીંદગી જોખમમાં મુકી રહ્યા છે.

પરપ્રાંતિય ૩ શખ્સોનું કારસ્તાન

## ખાંભાનાં નેસડીનાં પાટીયા નજીક રાત્રિનાં સમયે વેપારીનાં પૈસા ઝૂંટવાનો પ્રયાસ

### પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૨૫

ખાંભા તાલુકાના પાટી ગામે રહેતા દડુભાઈ બાઘાભાઈ વાઘ નામનાં ૪૩ વર્ષિય વેપારી ગત તા. ૨૩ના રાત્રીના ભેરાઈ ગામેથી પોતાના ગામ પાટી જતા હોય. ત્યારે રાત્રીના આશરે દસેક વાગ્યે વાવડી ગામેથી આશરે એકાદ કીલોમીટર દુર નેસડી પાટીના રસ્તે પહોંચતા રસ્તા ઉપર અરવીંદભાઈ બાલાભાઈ સાવલીયા (રહે.નેસડી) ની વાડીએ ખેતમજુરી કામ કરતા આરોપી અમરસીંગ નાનસીંગ ભાભર, રાકેશ ન્યાલસીંગ ભુરીયા તથા રેવલસીંગ ભાવસીંગ બીલવાલ (રહે. ત્રણેય મપ્રયપ્રદેશ)એ રસ્તામાં વેપારીનું મોટર સાયકલ ઉભુ રખાવી તેમને પરાણે નીચે ઉતારી વેપારીના બંને હાથ પકડી રસ્તા ઉપર પછાડી દઈ આરોપીઓએ વેપારી પાસે રોકડા પૈસા, ઘરેણા જે હોય તે આપી દેવાનું કહેતા વેપારીએ આરોપીઓને પૈસા નહીં આપતા તેમના ખિસ્સામાં હાથ નાખી પૈસા ઝુંટવાની કોશીષ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.
















## દિલ્હીથી કારમાં નોટોનાં બંડલ આવતા હોય ચેકપોસ્ટ પર ઝડપાયા

# ગુજરાત તરફ આવી રહેલ રૂપિયા ૭ કરોડ ઝડપાયા

### ગાંધીનાં ગુજરાતમાં બનાવટી કચેરીઓ, દારૂ, ડ્રગ્ઝનું વેચાણ બાદ હવે કાળા ધનની પણ અવરજવર શરૂ

### દેશવાસીઓએ નોટબંધી, અવનવી ચલણી નોટો પણ સ્વીકારી છતાં કાળુધન ઓછું થતું નથી

### એક સમયે શાંત અને સમૃધ્ધ ગણાતા ગુજરાતનાં શાસકોએ હવે ગંભીર બનવાની જરૂર

### રાજસ્થાન–ગુજરાત સરહદે પોલીસે નોટો ભરેલી કાર સાથે ર વ્યક્તિની કરી ધરપકડ

નવી દિલ્હી, તા. ૨૫

રાજસ્થાનના સિરોહી જિલ્લાના આબુ રોડ રિકો પોલીસ સ્ટેશને બપોરે ૩ વાગ્યે માવલ ચોકી પર મોટી કાર્યવાહી કરી અને એક કારમાંથી ૭ કરોડ રૂપિયાથી વધુ હવાલાના નાણાં જપ્ત કર્યા. પોલીસે આ કેસમાં કારમાં સવાર બે યુવકોની અટકાયત કરી છે. જેમની પુછપરછ કરવામાં આવી રહી છે. RIICO પોલીસ સ્ટેશન ઓફિસર સીતારામે જણાવ્યું કે, એસપી અનિલકુમાર બેનીવાલની સુચના પર રાત્રે રાજસ્થાન–ગુજરાત બોર્ડર પર સ્થિત માવલ ચોકી પર નાકાબંધી કરવામાં આવી હતી.

પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું કે, નાકાબંધી દરમિયાન બપોરે ૩ વાગ્યે એક કારને અટકાવવામાં આવી હતી. પુછપરછ દરમિયાન કાર ચાલક અને અન્ય યુવકો શંકાસ્પદ જણાતા કારની સઘન તલાશી હાથ ધરવામાં આવી હતી. સર્ચ દરમિયાન કારના ડ્રાઈવર અને તેની બાજુની સીટ નીચે એક ખાસ બોકસ બનાવવામાં આવ્યું હતું. સીટ ઉપાડીને તલાશી લેતા પૈસા મળી આવ્યા હતા. બોકસ ૫૦૦ રૂપિયાની નોટોના બંડલથી ભરેલું હતું. આ પછી કારને જપ્ત કરવામાં આવી હતી અને બંને યુવકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા.

૪ કલાક સુધી ચાલેલી નાણાની ગણતરી દરમિયાન કુલ ૭ કરોડ ૧ લાખ ૯૯ હજાર રૂપિયાની વસુલાત કરવામાં આવી હતી. પોલીસ અધિકારી સીતારામે જણાવ્યું હતું કે, ધરપકડ કરાયેલા યુવકોએ પુછપરછ દરમિયાન જણાવ્યું હતું કે, તેમને કાર અને હવાલાના પૈસા દિલ્હીના ધૌલા કુઆનમાં મળ્યા હતા જે અમદાવાદમાં પહોંચાડવાના હતા. અગાઉ નાકાબંધી દરમિયાન માવલમાં કાર ઝડપાઈ હતી.

રાજસ્થાન પોલીસે સંજય રાવલ અને દાઉદ સિંધી નામના બે શખ્સની અટકાયત કરી હતી. બંને શખ્સ મહેસાણાના રહેવાસી હોવાની તપાસમાં માહિતી સામે આવી છે.

બંને યુવકોની તુરંત ધરપકડ કરવામાં આવી હતી અને આ પૈસા કયાંથી આવ્યા અને કયાં લઈ જવામાં આવી રહ્યા હતા તે અંગે પુછપરછ કરવામાં આવી રહી છે. આ ઘટના પાછળ રાજકીય કનેકશન હોવાની શંકા પણ વ્યકત કરવામાં આવી રહી છે. કારણ કે ગુજરાતના બનાસકાંઠા જિલ્લાની વાવ બેઠક પર પેટાચૂંટણી યોજાઈ રહી છે.

ઉમેદવારો માટે શુક્રવારે ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ છે અને તે પહેલા જ આટલી મોટી રકમ જપ્ત કરવામાં આવતાં આ નાણાનો ચૂંટણીમાં ગેરકાયદે ઉપયોગ થયો હોવાની શકયતાઓ ઉભી થઈ રહી છે.

પોલીસ એ પણ તપાસ કરી રહી છે કે આ રકમ પેટાચૂંટણી સાથે સંબંધિત છે કે પછી તેનો ઉપયોગ અન્ય કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે કરવાનો હતો. હાલ બંને આરોપીઓની પુછપરછ ચાલી રહી છે.

---

#### પાણી કે ઘાસચારાની સગવડતા વગર

## અમરેલીનાં જેશીંગપરામાંથી ૮ પશુઓને ખીચોખીચ ભરીને લઈ જનાર ટ્રક ઝડપાયો

### પોલીસે ટ્રક સહિત રૂપિયા ૭.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

અમરેલી, તા. ૨૫

અમરેલીમાં આવેલ સ્વામીનારાયણ મંદિર પાછળ કાજીવાડ વિસ્તારમાં રહેતા વહીજભાઈ યુસુફભાઈ કાલવા નામનાં ૨૧ વર્ષિય યુવકે પોતાના હવાલા વાળા ટ્રક નં. જી.જે.– ૦૩ બી.ડબલ્યુ–૨૪૫૦ માં ભેંસ જીવ નંગ–૮ ભરી તથા ટ્રકમાં કોઈપણ પ્રકારના ઘાસચારા અને પાણીની સગવડતા વગર ખીચોખીચ રીતે બાંધી, ગોંધી રાખી જેશીંગપરામાંથી લઈ નીકળતા પોલીસે ટ્રક સહિત કુલ રૂપિયા ૭,૩૦,૦૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાઈ જતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

---

#### હત્યા, માર્ગ અકસ્માત સહિતની ઘટનામાં ચિંતાજનક વધારો

## રાજુલા બાદ લાઠી પંથકમાં પણ પ્રેમ પ્રકરણનાં લીધે વધુ એક યુવકની કરપીણ હત્યા કરાઈ

### મોંઘવારી, બેરોજગારીનાં માહોલમાં અન્ય ગુન્હા પણ ચિંતા કરાવે છે




અમરેલી, તા. ૨૫

રાજુલા ગામે બે દિવસ પહેલાં પ્રેમ પ્રકરણને લઈ પ્રેમીના મિત્રની કરપીણ હત્યાના બનાવના આરોપી હજુ પકડાયા નથી ત્યાં ગઈકાલે લાઠી તાલુકાના માલવીયા પીપરીયા ગામે પ્રેમ પ્રકરણના મુદ્દે થયેલ ઝગડામાં વધુ એક યુવકની હત્યાનો બનાવ બનતા અમરેલી જિલ્લામાં ચકચાર મચી જવા પામી છે.

આ બનાવમાં સૂત્રોમાંથી મળતી વિગત મુજબ લાઠી તાલુકાના માલવીયા પીપરીયા ગામે રહેતા વિરમભાઈ ધનાભાઈ ગમારા નામનાં ૩૮ વર્ષિય યુવકની પત્ની રૂપલબેનને તે જ ગામે રહેતા આરોપી ગૌતમ ઘનશ્યામભાઈ મકવાણા સાથે પ્રેમસબંધ હોય અને આ બાબતે અગાઉ ઝઘડા પણ થયેલ હોય. જે બાબતેનું મનદુઃખ રાખી ગત તા. ૨૩ના રોજ સાંજે આશરે ૭:૩૦ વાગ્યાની આસપાસ માલવીયા પીપરીયા ગામે મતિરાળા–વરસડા રોડથી ગામમાં આવવાના રસ્તે આરોપી ગૌતમ ઘનશ્યામભાઈ મકવાણાએ વિરમભાઈ ધનાભાઈ ગમારાના નાનાભાઈ સાંગાભાઈ સાથે બોલાચાલી કરી ઝઘડો કરતો હોય. ત્યારે વિરમભાઈ વચ્ચે પડેલ હોય અને આ દરમ્યાન આરોપી ઘનશ્યામભાઈ અરજણભાઈ મકવાણા તલવાર લઈ લાવેલ હોય. જે તલવાર આરોપી ગૌતમભાઈએ આંચકી લઈ મારી નાખવાના ઈરાદે સાંગાભાઈને છાતીના ભાગે એક ઘા મરણતોલ મારી ગંભીર ઈજા પહોંચાડી હતી તથા વિરમભાઈને છાતીના ભાગે ડાબી બાજુ તથા ડાબા હાથના ભાગે એક ઘા તલવારનો મારી દઈ ગંભીર ઈજા કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી. આ બનાવમાં ગંભીર રીતે ઘવાયેલા સાંગાભાઈને સારવાર માટે દવાખાને ખસેડાયેલ જયાં સાંગાભાઈનું મોત નિપજતા બનાવ હત્યામાં પલટાતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

---

#### તાલુકા કોંગ્રેસ સમિતિએ આવેદનપત્ર પાઠવ્યુ

## બાબરા પંથકમાં અતિવૃષ્ટિથી થયેલ ખેતીપાકોનું નુકસાનનું સર્વે કરવા માંગ

### ખેડુતો અને નાના વેપારીઓને થયેલ નુકસાનનું પણ સર્વે જરૂરી




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૫

બાબરા તાલુકા કોંગ્રેસ સમિતીએ મામલતદાર મારફત રાજયપાલને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, ઓગષ્ટ મહિનાથી અને વર્તમાન ચાલુ માસ સુધી બાબરા તાલુકામાં કુદરતી વરસાદની આફતોએ પાકનો તથા ખેડુતોના ખાતર બિયારણનો સંપુર્ણ પણે નાશ થયેલ હોય, સરકાર તરફથી અવાર નવાર લેખીત – મૌખીક ખેડુતોને તથા નુકસાન ભોગવનારાઓને તત્કાલ સર્વે કરી વળતર આપવા માત્ર ઓગષ્ટ માસમાં જે થયેલ તેનું જાહેર પેકેજ સરકારએ કરી ખેડુતોની ક્રુર મજાક કરી છે. તત્કાલ ખેત આધારીત તથા અતિવૃષ્ટિનાં કારણે નુકસાન પામેલા નાના વેપારીઓના જાનમાલને પણ સર્વે કરી તત્કાલ વળતર ચુકવવું જરૂરી છે.

ઓગષ્ટ માસથી આજદિન સુધી સમગ્ર તાલુકામાં ખેતી આધારીત અતિવૃષ્ટિનાં કારણે નુકસાનીનું કોઈ સર્વે થયો હોય તેવું લાગતું નથી. સરકારના પદાધિકારીઓ માત્ર સરકારની વાહ – વાહી માટે પોતાની ચાપલુસીમાં રત હોવાને કારણે હંમેશા આ તાલુકાને છેલ્લા ત્રણ વર્ષથી અન્યાય થયો છે જેથી તત્કાલ બાબરા તાલુકાનાં ખેડુતોને તથા નાના મધ્યમ વેપારીઓને નુકસાનીનું વળતર ચુકવાઈ તેમજ ખેડુતોના મોંઘા ભાવનાં ખાતર બિયારણો, મજુરી વગેરે સદંતર નિષ્ફળ ગયા છે પરીણામે કારમી મોંઘવારીમાં નાના મધ્યમ ખેડુતો અને વેપારીઓને જીવન જીવવું દુષ્કર બન્યું છે. પ્રજાનાં હામી હોવાનો ખોટો ડંભ ઉભો કરી માત્ર વાહ – વાહી લુટીને સરકાર ખેડુતો અને લોકોની ક્રુર મશ્કરી કરવાનું બંધ કરે અને યોગ્ય વળતર તત્કાલ ચુકવાઈ તેવી કાર્યવાહી કરી.

વધુમાં જણાવેલ છે કે, તાલુકા લેવલે હાલ રેશનીંગ કાર્ડમાં કે.વાઈ.સી.ની પ્રક્રિયા થઈ રહી છે પરીણામે દૂર વિસ્તારનાં ગામોમાંથી ખેડુતો અને ગ્રામજનોને પારાવાર મુશ્કેલી ઉભી થઈ રહી છે. લાઈનમાં ઉભુ રહી આખો દિવસ ખેતીની મજુરી ગુમાવી અને આ કામગીરી માટે તાલુકા લેવલે જે મુશ્કેલી ઉભી થઈ રહી છે તેનું તત્કાલે નિવારણ કરી ગ્રામ્ય લેવલે વી.સી.ઈ. મારફત કે.વાઈ.સી.ની કામગીરી ગામમાંજ થાય તેવી કામગીરી કરવા તેમજ નવી રવિ ફસલ માટે ખાતર બિયારણોની તંગી ના પડે તે અંગે તાલુકા અને ગ્રામ્ય લેવલે મંડળી મારફત તત્કાલ ખાતર બિયારણની વ્યવસ્થા ઉભી થાય તેવી કાર્યવાહી કરવા જરૂરી છે.

આમ, ઉપકરોત બાબતે તેમજે ખેડુતોને સમગ્ર રાજયમાં અન્યાય ભરી રીત – રસમો અપનાવી માત્ર વોટ બેંકને જાહેરાતનાં માધ્યમથી રાજી રાખી ૩૦ વર્ષથી કામ કરતી આ સરકારને ખેડુતોને પોતાના પ્રશ્નો પ્રત્યે પડતી મુશ્કેલીમાંથી ઉગારવા માટે કોઈ નકકર કામગીરી આજસુધી થઈ નથી. ખેડુતોને ખેતી આધારીત પોર્ટલ પ્રોસેસ વીધીમાં કાયમ મુશ્કેલી પડી રહી છે તેવું પ્રતિપાદિત કરે તેમજ આ જીલ્લાને કાયમ અન્યાય કરી મતનું રાજકારણ બંધ કરી ખરા અર્થમાં ખેડુતોને ન્યાય આપે તેવી માંગ અંતમાં કરેલ છે.

---

#### લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા

## લાયન્સ પુસ્તકાલય જ્ઞાન પરબ અર્પણ સમારોહ યોજાયો

અમરેલી, તા. ૨૫

લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા કુમાર પ્રાથમિક શાળા જેસીંગપરા ખાતે ૨૫/૧૦/૨૪ના રોજ લાયન્સ પુસ્તકાલય જ્ઞાન પરબ અર્પણ સમારોહ સાથે પુસ્તક અર્પણ કરાયેલ આ તકે લા. પ્રમુખ રાજેશભાઈ વિઠલાણી, દિનેશભાઈ ભુવા, કાંતીભાઈ વઘાસીયા તથા મંચસ્વ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટય થયેલ લા. કેતનભાઈ સોની, દિનેશભાઈ ભુવા દ્વારા પ્રાસંગિક પ્રવચનો થયેલ. નગરપાલિકાના સદસ્ય સંદિપભાઈ માંગરોળીયા ખાસ ઉપસ્થિત રહેલ. પુસ્તકોનું જીવનમાં કેટલું મહત્વ છે તે સમજાવવામાં આવેલ આ તકે બકુલભાઈ ભટ્ટ, હર્ષદ વઘાસીયા, રાજુભાઈ પરિખ, કૌશિકભાઈ હપાણી, જતીન સુખડીયા, નનુભાઈ તળાવીયા, કિશોર મારૂ, શૈલેષભાઈ માંગરોળીયા તથા સ્કુલ પ્રિન્સીપાલ મયુરભાઈ ગોહિલ, સુરેશભાઈ ચિહલા, સ્કુલ સ્ટાફ અને વિદ્યાર્થીઓ હાજર રહેલ. લાયન્સ કલબ દ્વારા આ અગિયારમો પુસ્તકાલય અર્પણ સમારોહ હતો. તેમ યાદીમાં જણાવેલ છે.

---

## ગાધકડા : આઈ શ્રી મોમાઈ આશ્રમ તરફથી દીકરીઓને કરિયાવર અર્પણ




સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામમાં મોમાઈ આશ્રમ આવેલું છે. ત્યાં છેલ્લા ૩૦ વર્ષથી આશ્રમના મહંત શંભુ ગીરી બાપુ સામાજિક સેવાઓની વિવિધ પ્રવૃતિઓ કરે છે. જેના એક ભાગ રૂપે ગાધકડા તથા આજુબાજુના ગામોની ૧૭૫ જેટલી દીકરીઓને કરિયાવર આપવામાં આવ્યો હતો. આ કરિયાવર વિતરણ પ્રસંગે સાવરકુંડલા તાલુકાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, સાવરકુંડલા તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડિયા, તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન ભીખાભાઈ ધોરાજીયા, જિલ્લા પંચાયત સભ્ય પુનાભાઈ ગજેરા, ભાજપ અગ્રણી જયસુખભાઈ સાવલિયા વગેરે મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે સહકાર આપવા બદલ આશ્રમના મહંત શંભુગીરીબાપુએ દાતાઓ સહિત સૌનો આભાર માન્યો હતો. એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવાયું હતું.

---

#### જિલ્લામાં માર્ગ અકસ્માતની ઘટનામાં વધારો

## ખાંભામાં બોલેરોએ હડફેટે લેતા બાઈકમાં સવાર વૃધ્ધનું મોત નિપજયું

### વૃધ્ધનું સારવાર દરમિયાન મોત નિપજયું

અમરેલી, તા. ૨૫

ખાંભા તાલુકાના ભાવરડી ગામે રહેતા ભયલુભાઈ બાવભાઈ મોભ નામનાં ૩૫ વર્ષિય યુવક તા. ૭ના રોજ પોતાના હવાલાવાળુ મોટર સાયકલનં. જી.જે.–૧૪ એડી–૮૬૫૫ લઈને ખાંભા ગામે ગયેલ હતાં અને તે દરમ્યાન બપોરના આશરે સાડા ત્રણેક વાગ્યે ગામે ખાંભા ભગવતીપરામા ખાંભા ઉના રોડે જસુભાઈ મોભના ગેરેજ સામે રોડ ઉપર યુવકના પિતાની મોટર સાયકલ પાછળ એક અજાણ્યા બોલેરો ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી મોટર સાયકલ સાથે બોલેરો ભટકાડી અકસ્માત કરી યુવકના પિતાને બન્ને પગે તથા છાતીના ભાગે ઈજા કરી તેમના પિતાને સારવારમાં લઈ જતા તા. ૧૮ના રોજ અમદાવાદ સિવિલ ખાતે સારવાર દરમ્યાન મોત નિપજતા આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

---

#### વિકાસવાદીઓનું અકળ મૌન સૌને કરે છે પરેશાન

## દામનગરની ઐતિહાસિક ઈમારતોની મરામત કરવામાં શાસકો સદંતર નિષ્ફળ

### જનપ્રતિનિધિઓ જનતાની માંગ પૂર્ણ કરે



દામનગર, તા. ૨૫

દામનગર શહેરમાં વિકાસના કામો એટલા બધા કરવામાં આવી રહ્યા છે કે બધા રાજીના રેડ થઈ જાય. સૂત્ર આપ્યું છે, વાદ નહિ વિવાદ નહિ – વિકાસ સિવાય વાત નહિ. આ તસ્વીરોમાં દ્રશ્યમાન ઈમારતો આઝાદી પહેલાં શ્રીમાન દામાજીરાવ ગાયકવાડ સરકારે વહીવટી કામો માટે ૧૩૫ વર્ષ પહેલાં પોલીસ સ્ટેશન, વહીવટદાર કચેરી અને ગ્રામ પંચાયત કચેરીની હાલત છેલ્લાં ૧૦ વર્ષથી વધુ સમયથી જાળ વણીના અભાવે ખંઢેર હાલતમાં છે. ગુજરાતમાં છેલ્લા ૨૮ વર્ષથી ભા. જ. પ.નાં લોકો શાસનમાં તો છે, પણ આ ઈમારતોની હાલત ખખડી ગઈ છે. અમરેલી જિલ્લામાં પાંચેય ધારાસભ્યો ભા.જ.પ.નાં છે ને જિલ્લાનો વિકાસ ભલે કરાય, પરંતુ આ ત્રણેય જર્જરિત ઈમારતોને અસામાજિક તત્વો બાનમાં લે તે પહેલાં જિલ્લા પ્રશાસન અને સરકારી તંત્ર યોગ્ય નિરાકરણ લાવે એવી જનતાના પૈસે તાગડધિન્ના કરતાં પ્રતિનિધિઓ આ મુદ્દાને ગંભીરતાથી લઈને યોગ્ય કરે એવી માંગ ઉઠી છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૮ ઓક્ટોબરનાં રોજ

# લાઠી ખાતે ૪૮૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુર્હુત કરશે

**૭૦૫ કરોડના ખર્ચે પાણી પુરવઠાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુર્હુત**

**ગાગડિયો નદી પર વડાપ્રધાન ભારતમાતા સરોવરનું લોકાર્પણ કરશે**

**એનએચએનાં ૨૮૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુર્હુત**

**૧૦૯૪ કરોડના ખર્ચે ભૂજ–નલિયા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટનું લોકાર્પણ થશે**



ગાંધીનગર, તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી૨૮ઓકટોબરનારોજ ગુજરાત આવીરહ્યા છે. તેમના આગામી ગુજરાત પ્રવાસ દરમિયાન તેઓ અમરેલી જિલ્લા ખાતે ૪૮૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે, જેમાં અમરેલી, જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, પોરબંદર, કચ્છ અને બોટાદ જિલ્લાના લગભગ ૧૬૦૦ જેટલા વિકાસકાર્યોનો સમાવેશ થાય છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૭૦૫ કરોડના પાણી પુરવઠા વિભાગના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે. તેઓ અમરેલી જિલ્લાની ગાગડિયો નદી પર ૩૫ કરોડના ખર્ચે નિર્મિત ભારતમાતા સરોવરનુ લોકાર્પણ કરશે. આ સાથે જ તેઓ, જળસંચય વિભાગ હેઠળ ૨૦ કરોડના પિટ રિચાર્જ, બોર રિચાર્જ અને કૂવા રિચાર્જના ૧૦૦૦ કામોનું ખાતમુહુર્ત અને ૫૯૦ કામોનુ લોકાર્પણ પણ કરશે. વડાપ્રધાન ૨૮૦૦ કરોડથી વધુના નેશનલ હાઈવે ઓથોરિટી આફ ઈન્ડિયા (NHAI) ના વિવિધ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે. વધુમાં ૧૦૯૪ કરોડના ખર્ચે રેલવે વિભાગ હેઠળ ભુજ–નલિયા ગેજ કન્વર્ઝન પ્રોજેકટનું પણ લોકાર્પણ કરશે.

**પાણી પુરવઠાવિભાગના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૮ ઓકટોબરે અમરેલી જિલ્લા ખાતેથી ૭૦૫ કરોડના પાણી પુરવઠા વિભાગના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે, જેમાં ૧૧૨ કરોડના કાર્યોનું ખાતમુહુર્ત અને ૬૪૪ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે. આ વિકાસકાર્યોમાં બોટાદ જિલ્લા માટે નાવડાથી ચાવંડ બલ્ક પાઈપલાઈનનું લોકાર્પણ તેમજ ભાવનગર જિલ્લામાં પીવાના પાણી માટેની પસવી જૂથ ઓગમેન્ટેશન પાણી પુરવઠા યોજના ભાગ–૨ના કામોના ખાતમુહુર્તનો સમાવેશ થાય છે.

નાવડાથી ચાવંડ બલ્ક પાઈપલાઈન પ્રોજેકટના પૂર્ણ થવાથી બોટાદ, અમરેલી, જૂનાગઢ, રાજકોટ અને પોરબંદર જિલ્લાના ૧૨૯૮ ગામો અને ૩૬ શહેરોના લગભગ ૬૭ લાખ લાભાર્થીઓને વધારાનું ૨૮ કરોડ લીટર પાણી પૂરૂં પાડવામાં આવી રહ્યું છે. જયારે, ભાવનગર જિલ્લામાં પીવાના પાણી માટેની સ્કીમો હેઠળ જિલ્લાના મહુવા, તળાજા અને પાલીતાણા તાલુકાના ૯૫ ગામોને આવરી લેવામાં આવ્યા છે, જેની વસ્તી લગભગ ૨.૭૫ લાખ લોકોની છે.

**૩૫ કરોડના ખર્ચે નિર્મિત ભારતમાતા સરોવરનું લોકાર્પણ**

પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (પીપીપી) મોડલ અન્વયે ગુજરાત સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા ૩૫ કરોડના ખર્ચે લાઠીના દુધાળા ખાતે હેતની હવેલી પાસે ભારતમાતા સરોવરનું નિર્માણ કરવામાં આવ્યું છે. વોટરશેડ ડિપાર્ટમેન્ટ હસ્તકના ૪.૫૦ કરોડ લીટર પાણીની સંગ્રહશકિત ધરાવતા ચેકડેમને ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા ઊંડો કરવામાં આવ્યો છે, તેની પહોળાઈ પણ વધારવામાં આવી છે અને ચેકડેમની બંને બાજુએ માટી નાખીને તેની મજબૂતાઈમાં વધારો કરવામાં આવ્યો છે. તેના પરિણામે ચેકડેમની પાણીની સંગ્રહશકિતમાં ૨૦ કરોડ લીટરનો વધારો થયો છે. આ ચેકડેમને ભારતમાતા સરોવર નામ આપવામાં આવ્યું છે અને હાલ ભારતમાતા સરોવરમાં અંદાજે ૨૪.૫૦ કરોડ લીટર પાણીનો સંગ્રહ થયો છે. તેના કારણે આજુબાજુના ખેતરમાં આવેલા બોર તેમજ કૂવાના પાણીના સ્તરમાં વધારો થયો છે, જેના લીધે આસપાસના ગામોમાં પાણીની સગવડ થઈ છે અને ગામના ખેડૂતોને સિંચાઈ માટે પરોક્ષ રીતે લાભ મળ્યો છે.

**૨૮૦૦ કરોડથી વધુના NHAIના વિવિધ કામોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૮ ઓકટોબરના રોજ અમરેલી ખાતે ૨૮૧૧ કરોડના નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)ના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે, જેમાં ૨૧૮૫ કરોડના ૪ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ૬૨૬ કરોડના એક વિકાસકાર્યનું ખાતમુહુર્ત કરવામાં આવશે.

NHAIના લોકાર્પણના ૪ વિકાસકાર્યોમાં ૭૬૮ કરોડના ખર્ચે NH ૧૫૧એના ધ્રોળ–ભાદરા–પાટિયા સેકશન અને ભાદરા પાટિયા–પિપળિયા સેકશનનું ચારમાર્ગીયકરણ, ૧૦૨૫ કરોડના ખર્ચે NH૧૫૧એના દ્વારકા–ખંભાળિયા–દેવરિયા સેકશન–૨૦૩ કિમીથી ૧૭૬ કિમી અને ૧૭૧ કિમીથી ૧૨૫ કિમી સેકશનનું ચારમાર્ગીયકરણ, ૧૩૬ કરોડના ખર્ચે NH ૫૧ના માધવપુરથી પોરબંદર સેકશન (૩૩૮ કિમીથી ૩૭૯ કિમી)નું ચારમાર્ગીયકરણ અને ૨૫૬ કરોડના ખર્ચે NH૧૫૧ના જેતપુર–સોમનાથ સેકશનના ચારમાર્ગીયકરણ પર જૂનાગઢ બાયપાસ સહિતના બાકી કામોના બાંધકામનો સમાવેશ થાય છે. આ સાથે જ ૬૨૬ કરોડના ખર્ચે જામનગર જિલ્લાના ધ્રોળ બાયપાસથી મોરબી જિલ્લાના આમરણ સુધીના ખૂટતા સેકશનના ચારમાર્ગીયકરણના કામનું ખાતમુહુર્ત પણ કરવામાં આવશે.

**૧૦૯૪ કરોડના ખર્ચે ભુજ–નલિયા ગેજ કન્વર્ઝન પ્રોજેકટનું લોકાર્પણ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૮ ઓકટોબરે ભુજ–નલિયા ગેજ કન્વર્ઝન પ્રોજેકટ દેશને સમર્પિત કરશે. ભુજ–નલિયા ગેજ કન્વર્ઝન પ્રોજેકટ ૧૦૯૪ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યો છે. આ સેકશનમાં ૨૪ મેજર અને ૨૫૪ માઈનર બ્રિજ સામેલ છે તેમજ ૩ રોડ ઓવરબ્રિજ અને ૩૦ રોડ અંડરબ્રિજનો પણ આ પ્રોજેકટમાં સમાવેશ થાય છે. આ પ્રોજેકટ ખૂબ જ ફાયદાકારક છે, જે રાજયના કચ્છ જિલ્લાના સામાજિક–આર્થિક વિકાસને વેગ આપશે.

આ સાથે જ વડાપ્રધાન પ્રવાસન સંબંધિત ૨૦૦ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહુર્ત પણ કરશે, જે હેઠળ ગુજરાતના પોરબંદર જિલ્લાના મોકરસગાર ખાતે કર્લી રિચાર્જ જળાશયનો વિસ્તરીય સસ્ટેનેબલ ઈકોટુરિઝમ તરીકે વિકાસ કરવામાં આવશે. આમ, વડાપ્રધાન આગામી દિવાળી અને ગુજરાતી નવવર્ષ પહેલા ગુજરાતના નાગરિકો માટે કરોડોના વિકાસકાર્યોની ભેટ લઈને આવશે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ ક્લોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

વેચવાની છે
સેવરોલેટ એન્જોય મોડલ–૨૦૧૩ (૮–સીટર) ટીપટોપ કન્ડીશન, ફુલ વિમો, ચાર નવા ટાયર, કમ્પલીટ ગાડી, મોટા ફેમીલી માટે અથવા ભાડામાં ચાલે તેવી ગાડી તાત્કાલીક વેચવાની છે.
સંપર્ક કરો મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

હોલસેલ ભાવે ટી-શર્ટ... ટી-શર્ટ...
બ્રાન્ડ ન્યુ વેરાઈટીઝમાં હોલસેલ ભાવમાં ટીશર્ટનો અધધધ.... ખજાનો......
રીટેલર રેડીમેઈડ દુકાન ધારકો, ટીશર્ટના વેપારીઓ માટે અમારે ત્યાંથી કપલ ટીશર્ટ, ફેમિલી ટીશર્ટ, ગ્રુપ મેચીંગ ટીશર્ટ, પ્રિન્ટેડ ટીશર્ટ....
નોંધ: બદલાની સવલત પણ આપવામાં આવશે
હોલસેલ..... હોલસેલ......
ફકત વેપારીઓ જ સંપર્ક કરે...
સંપર્ક : ૯૯૭૮૮ ૭૯૬૭૮















# જીવનને સફળને હળવુ ફુલ બનાવવા સમયસર કામ કરીએ

## પગદંડી/લેખન



– શ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

લીવ ઈનમાં સ્વતંત્રતા કરતાં સમજણ જરૂરી છે.

લગ્ન એક સંસ્થા છે. યુગોથી ચાલી આવતી પરંપરા છે. એમાં કોઈ ઓટ આવી નથી. ગરીબ, તવંગર, રાજા, રેક કોઈપણ આ પ્રથાને અનુસયાર્ન છે. એમાં અમૂલ્ય જીવન પૂર્ણ કરેલ છે. કારણ કે લગ્નમાં પરસ્પરની જવાબદારી છે. કમિટમેંટ બંધન છે. વળી એ જવાબદારી કે બંધનમાંથી મુકત થવાનાં બંધારણીય કાયદા છે. બંધારણ ન્યાય પણ તેને સ્વીકારે છે. લગ્નનાં અનેક ફાયદા છે. થોડે ઘણે અંશે ગેરફાયદા પણ હોય છે. આપણું જીવન પણ સુઃખ દુઃખથી સભર છે એમ ગૃહસ્થાશ્રમ પણ શાસ્ત્રોએ ધન્યો ગૃહાસ્થાશ્રમ કહ્યો છે. જીવનની ચારેય અવસ્થામાં જો કોઈ શ્રેષ્ઠ અવસ્થા હોય તો તે છે. ગુહસ્થાશ્રમ છે. જેને અવાજ, દેવી, દેવતા વિગેરે સ્વીકારે છે.

વર્ષો પહેલા વર કન્યાનાં સંબંધ વકીલો પસંદ નકકી કરતાં એકબીજાનાં મુખદર્શન પણ કરેલાં ન હોય છતાં જીંદગી ભર સાથે રહી ગૃહસ્થાશ્રમને ઉજળો કરી બતાવતા.

પણ આજે નારી નારાયણી બની છે. નારી સ્વતંત્ર બની છે. સ્વતંત્રતા ખેલે છે, ભલોલી છે., સામાજીક અને રાજકીય રીતે નારીનાં વખાણ કરી બહુ રૂલાવી ફુલાવી છે. ઓનં ટી.વી. મિઠિયાને બહુ મોટો ભાગ ભજવ્યો છે. વળી પહેલાનાં વખતમાં ૧૨–૧૩ વર્ષે દીકરીના લગ્ન થઈ જતાં. આજે બાળલગ્ન પર પ્રતિબંધ છે. એ યોગ્ય પણ છે. પણ દીકરી ભણગણીને મોટી થાય છે ત્યાં સુધીમાં એ સ્વતંત્ર રીતે વિચારતી થઈ ગઈ હોય છે. પોતે પ્રાયવશીના નામે ફિલ્મી ઢબે જીવવા માંગે છે. એટલે દીકરીની જરૂરિયાતો વધી ગઈ છે. માતાપિતા પણ એમાં સાથ આપે છે. પરિણામે સારૂં નરસું કરતાં કરતાં ઉપર વધી જાય છે. ને પછી દીકરી લગ્ન સંસ્થાની ગાડી ચૂકી જાય છે. પછી સિંગલ વુમન તરીકે જીવવા લાગે છે. એ જ રીતે બની વિના સિંગલમધરની માન્યતા વધતી જાય છે. લગ્ન વિના બાળ કને દત્રક લઈ સ્વતંત્ર રીતે જીવવા તૈયાર થાય છે. આજ આ રોગ સિંગલ મધર કે સિંગલ વુમન ભવિષ્યમાં વધુ – ઘાતક પણ સાબિત થઈ શકે છે. જેનાં ફાયદા ગેરફાયદા આપણે જાણીએ છીએ.

હમણાં એક લેખમાં વાંચ્યું કે, લીવઈનમાં રહેતા બન્નેને ફાવ્યું નહિ. જ ઘડા વધી ગયા. પુરૂષ સ્ત્રીને મારી નાંખી કરવતીથી તેમાં નાનાં નાના ટૂંકડા કર્યા. એ ટુંકડાને પ્રેશર કુકરમાં બાફયા. પછી પ્લાસ્ટીકની થેલીમાં ભરી ઘરમાં રાખી તે પલાયન થઈ ગયો. દુર્ગંધ આવતાં પડોશીઓએ પોલીસને જાણ કરી. પોલીસની તપાસમાં જાણવા મળ્યું કે છોકરીએ પોતાનાથી વીસ વર્ષ મોટા એવા માણસ સાથે (કામ કહી શકાય) લીવઈનમાં રહેતી હતી. આ માત્ર એક પ્રસંગ નથી. અસંખ્ય છે. થવા એટલું નકકી છે કે લીવ ઈન રિલેશનશીપ ખૂનમાં કેમ પરિણમે છે ? શું આ આધુનિકરણની વિચારધારા છે ? શું એમા આકર્ષણ જ હોય છે કે સના પૂર્વકનું સાથે રહેવાનું જીવન છે ?આજનાં આધુનિકરણમાં સ્વતંત્ર નહિ પણ સ્વછેદ બનેલાં યુવકની યુવતીઓ એમ માનતાં થયાં છે કે “પ્રેમને લગ્નના બંધનની કે ટેકાની જરૂર જ નથી.” પણ લીવ ઈનમાં તીરાડ પડે, અહમ ઘવાય પછી સમજીને જુદા પડવું જોઈએ. પણ પેલા ફિલ્મી ડાયલોગ મુજબ “મારી નહિ તો કોઈની નહિ.”ને જીવન મૃત્યુમાં ગરક થઈ જાય છે.યુવાનોએ ખરેખર ફોરવર્ડ, આધુનિક વિચારસરણીવાળા જ હોય તો લીવ ઈનમાંથી બહાર નીકળવાની વાતને પણ કે સ્વીકારી શકતાં નથી ? કોઈપણ પર્વતારોહક થશે ઉપર પહોંચી સફળતા મેળવી કાળજી પૂર્વક પાદતો ઉપરે પણ છે અને એ પણ ખબર હોય છે કે તેને કઈ રીતે સાધનો દ્વારા નીચે ઉતરવાનું છે એમ આપણાં યુવાનો લીવ ઈનમાં ન ફાવ્યું તો પાછા વળ વાનું કેમ વિચારી શકતા નથી ? આ કોઈ લગ્ન કે લીવ ઈન કાચનું કે માટીનું વાસણ નથી કે ફરી ગયા પછી ફેંકી દેવાનું હોય. એનાથી છુટી જવાનું હોય.

છેલ્લે એટલું કહીશ કે લગ્નના સામાજીક વ્યવસ્થાને આધારે છે. કપિટમેન્ટ છે. જવાબદારી પણ છે. એ જવાબદારીમાંથી બહાર માટે અવાજ છે, પરિવાર છે, કોર્ટ છે, પંચાયત છે જયારે લીવઈનમાં આવી કોઈ જવાબદારી કે



# બાલ એકસપ્રેસ



સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

# અમરેલીનાં સાહિત્યકાર–લેખકોના નામ

**લક્ષ્મીદાસ ભીમજી વિઠલાણી:** અમરેલીના અગ્રણી ખાનદાન વ્યાપારી. અમરેલીમાં કુરજી માધવજીભાઈની પેઢી એક અગ્રણી વ્યાપારી પેઢી ગણાય છે. ફોરવર્ડ સ્કૂલના આદ્ય સંસ્થાપક છોટુભાઈ વિઠલાણીએ ફોરવર્ડ સ્કૂલ ટ્રસ્ટની રચના કરી ટ્રસ્ટને શાળા સમર્પિત કરી એ વખતથી લક્ષ્મીદાસભાઈ ફોરવર્ડ સ્કૂલના ટ્રસ્ટના ટ્રસ્ટી હતા. આ જવાબદારી તેમણે છેલ્લા શ્વાસ સુધી નિભાવી હતી. ૧૯૬૭માં તેઓ સર્વાનુમતે ફોરવર્ડ સ્કૂલ ટ્રસ્ટના પ્રમુખ તરીકે વરાયા હતાં. આ જવાબદારી પણ તેમણે જીવનના અંત સુધી નિભાવી હતી. તેમણે ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કૂલ માટેસારૂંદાનઆપેલું.તેઓઅમરેલી ચેમ્બરઓફકોમર્સ,બુકબેંક, ગૌશાળ ા, લોહાણા વિદ્યાર્થી ભવન સહિત અનેક સંસ્થાઓમાં સક્રિય હતા.

**રતિલાલ સુંદરજી શાહ:** આઝાદી પછીના અમરેલી જિલ્લાના ઘડતરમાં જે મહવની વ્યક્તિઓ ગણાય તેમાં અનિલાલભાઈ શાહ એક ગણી શકાય. તેઓ કુશળ ધારાશાસ્ત્રી હતા. સારા વકતા હતા. શિક્ષણમાં તેમને વિશેષ રૂચિ હતી. અમરેલી જિલ્લાના કોંગ્રેસના તેઓ મંત્રી હતા. ડો. જીવરાજભાઈ મહેતાના તેઓ નીકટના સાથીદાર હતા. ગ્રામીણ વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણ દૂત બને એ માટેની જિલ્લા શિક્ષણ સમિતિના તેઓ વર્ષો સુધી અધ્યક્ષ રહ્યા હતા. એ જ રીતે ફોરવર્ડ સ્કૂલના પણ તેઓ ટ્રસ્ટી અને મેનેજિંગ ટ્રસ્ટી પણ બન્યા હતા. ગૌશાળા સહિતની અનેક સંસ્થાઓમાં તેમણે પોતાની સેવા આપી હતી. ૧૯૬૯–૭૦માં કોંગ્રેસનું વિભાજન થયું ત્યારે તેઓ મોરારજીભાઈ દેસાઈની આગેવાની હેઠળની સંસ્થા કોંગ્રેસ સાથે

## ભાતીગળ સૌરાષ્ટ્ર

રહ્યા હતા. ૧૯૭૭માં જનતા પક્ષની રચના થતા તેઓ અમરેલી જિલ્લાના પક્ષપ્રમુખ બન્યા હતા. એ સમયના બધા જ રાજકીય આગેવાનો જેવા કે મોરારજીભાઈ દેસાઈ, બાબુભાઈ પટેલ, વજુભાઈ અને જયાબેન શાહ સાથે તેમને ખૂબ જ સારા સંબંધો હતા. તેમના પુત્ર ડો. પ્રવીણભાઈ શાહ મુંબઈના જાણીતા ડોકટર છે.

**ભોગીલાલ તારાચંદ મહેતા :** અમરેલીના જૂની પેઢીના અગ્રણી ધારાશાસ્ત્રી. અત્યંત પ્રતિષ્ઠિત અને ખાનદાન જૈન પરિવારના તેઓ મોભી હતા. મુંબઈ રાજયની રચના પછી કેટલાક કાયદાઓમાં ખાસ કરીને જમીનદારીના કાયદાઓમાં બહુ મોટા ફેરફારો થયા હતા. ભોગીલાલભાઈ તેના સારા જાણકાર હતા. તેઓ વિવિધ જૈન સંસ્થાઓ, દશા શ્રીમાળી જૈન બોર્ડિંગ, સાર્વજનિક પુસ્તકાલય અને વકીલમંડળ સાથે સંકળાયેલા હતા. તેમણે વર્ષો સુધી સરકારી વકીલ તરીકે પણ પોતાની સેવાઓ આપી હતી.

**શામળજી પુરૂષોતમ સંઘવી :** શામળજીભાઈ સંઘવી પોતાના વ્યવસાયમાંથી નિવૃત થયા એ પછી પોતાનાં વતન અમરેલીમાં સ્થાયી થયા હતા. અમરેલીમાં તેમનાં વડીલોપાર્જિત મકાનો તથા અન્ય મિલકત હતી. કપોળ જ્ઞાતિનાં આગેવાન હોવા ઉપરાંત તેમણે અમરેલીની ગૌશાળામાં ગૌસેવા ક્ષેત્રે સારૂ યોગદાન આપ્યું હતું. અમરેલી નગરપાલિકાની કારોબારી સમિતિના ચેરમેન તરીકે તેમણે પ્રશંસનીય વહીવટ કર્યો હતો. તેમના સમયમાં નગરપાલિકા સંચાલિત ગર્લ્સ હાઈસ્કુલમાં શિક્ષકોની ખેંચના કારણે ગંભીર સમસ્યા સર્જાઈ હતી. આ સમસ્યા તેમણે સારી રીતે ઉકેલી હતી. અમરેલી શહેરમાં જે દબાણો હતા એ તેમણે દુર કરાવ્યા હતા. શ્રી ખીમચંદ મૂળચંદ મહેતા જૈન વિદ્યાર્થી ભવનના બાંધકામમાં તેઓએ સારૂ માર્ગદર્શન આપ્યું હતું.

# કનકલતા બરૂઆ

**જન્મ : – ૨૨ ડીસેમ્બર, ૧૯૨૪, વીરગતિ : ૨૦ સપ્ટેમ્બર, ૧૯૪૨**



આસામનાં ગોહપુરના નિવાસી કર્ણેશ્વરી દેવીની કૂખે ૨૨ ડીસેમ્બર, ૧૯૨૪ના રોજ એક દીકરીરત્નનો જન્મ થયો. નામ પાડયું ‘કનકલતા’. પિતા કૃષ્ણકાંત બરૂઆ અને માતા કર્ણેશ્વરી દેવી ધન્ય થઈ ગયા હતા. હજુ તો કનકલતા બે પગે ચાલતાં માંડ શીખી હતી. અને પુરૂં બાળપણ પણ જીવી નહોતી ત્યાં જ માતા પિતા ગુમાવવાની અસહ્ય વેદના તેણે સહન કરવાનો સમય આવ્યો. માતા – પિતાના ગુજરી જવાથી તેનાં નાની અને મામાએ તેનં બાળપણમાં પોષણ કર્યુ. આવી સ્થિતિમાં ઉછેર થયો હોવા છતાં પણ બાળપણથી જ તેનામાં દેશસેવા, રાષ્ટ્રભકિત અને ક્રાંતિના ગુણો ઉપસી આવ્યા હતા. માત્ર ૭ વર્ષની ઉંમરે તે પોતાના મામા સાથે ગમેરી ગામમાં આયોજીત એક જનસભામાં ગઈ. સભાની સઘળી વ્યવસ્થા વિદ્યાર્થીઓએ સંભાળી હતી. આ જનસભામાં મૂળે રાજસ્થાની અને આસામના પ્રસિદ્ધ લેખક એવા જયોતિપ્રસાદ અગ્રવાલનું વકતવ્ય હતું. એમના ગીતોએ આસામમાં ક્રાંતિનું બ્યૂગલ ફૂંકયું હતું. કનકલતાના જીવન પર




તેમની કવિતાઓની જબરદસ્ત અસર પડી હતી. આમ કનકલતાનું જીવન ક્રાંતિપથ પર આગળ વધી રહ્યું હતું. ૧૯૪૨ના ‘ભારત છોડો’ આંદોલનનો સમય હતો. તે સમયમાં એક ગામમાં ગામલોકોએ પોલીસ થાણા પર ત્રિરંગો લહેરવાની યોજના બનાવી અને તારીખ નકકી કરી ૨૦ સપ્ટેમ્બર. આ દિવસે કનકલતા ઘરકામમાંથી જલદી પરવારી. ૮૨ માઈલની યાત્રા કરી પેલા ગામ પહોંચી ગઈ. સાથે સાથે આંદોલનમાં જોડાયેલા બધાનું નેતૃત્વ હાથમાં લીધું.અ એક હાથમાં ત્રિરંગા ધ્વજ સાથે ટોળું આગળ વધતું હતું. સૌથી આગળ કનકલતા હતી. પોલીસ અધિકારીઓને ટોળાને આગળ વધતું રોકવા પ્રયત્નો કર્યા પણ કનકલતા આગળ ધપ્યે ગઈ. એટલું જ નહીં પણ કનકલતાએ અંગ્રેજો વિરૂધ્ધ જબરદસ્ત નારા પણ લગાવ્યા. અંગ્રેજોના સિપાઈઓથી આ બધું સહન ના થયું. થાણેદાર સિપાહી અને બાકીની પોલીસે ધડાધડ ગોળીબાર ચાલી કરી દીધો. એમાંના એક સિપાહીની ગોળી સૌથી આગળ ચાલતી કનકલતાને વીંધતી પસાર થઈ ગઈ. કનકલતા લથડી, પણ હાથમાંથી ત્રિરંગાને પડવા ન દીધો. તેની પાછળ ઊભેલી વ્યકિતએ ત્રિરંગો પકડી લીધો. ગોળીબાર સતત ચાલુ રહ્યો અને એક પછી એક બહાદુર સ્ત્રી – પુરુષો આગળ આવતાં ગયાં અને ત્રિરંગાને નીચે ન પડવા દીધો. લગભગ ૬૦ શહીદો ત્રિરંગા માટે શહીદ થયા. જે સિપાહીએ કનકલતાને ગોળી મારી હતી તેને પશ્ચાતાપમાં પોતાનો પ્રાણત્યાગ કર્યો. આમ માત્ર ૧૮ વર્ષની વયે કનકલતાએ દેશ માટે વીરગતિ વહોરી અને ત્રિરંગાની આન, બાન અને શાનને સલામ કરીને આ દુનિયા છોડીને ચાલી ગઈ.

**એક કલાક માટે પણ ગુલામીને ટકાવી રાખવી તે અન્યાય છે.**

# ચિત્રકલાનો ઓછો પરિચય




બાળક વિદ્યાર્થી બને એ પહેલા એને પૂર્વ પ્રાથમિક શાળામાં કે ઘરે ચિત્રકલાનો આછો પરિચય મળી જવો જોઈએ. બધા જ રંગો અને રેખાઓથી તથા પાયાના આકારોથી એ સારી રીતે પરિચિત હોવો જોઈએ. ઈંગ્લિશ ભાષાની લિપિ મુખ્યત્વે આડી ઊભી રેખાઓ અને ચોરસ તથા વર્તુળ અને ત્રિકોણ આકાર પર નિર્ભર છે. જયારે ગુજરાતીમાં મખ્યત્વે ઊભી રેખાઓ અને વર્તુળાકાર કે અર્ધવર્તુળાકાર પ્રમુખ મહત્વ ભોગવે છે. બાળક કોઈ પણ ભાષાની લિપિ શીખે એ પહેલા જો એને ચિત્રનો પરિચય હોય અને એનો હાથ વિવિધ આકારોના વળાંકો આત્મસાત કરતો થયો હોય તો એના અક્ષરો સારા થવાના ચાન્સ વધી જાય છે. ચિત્રકલા એ લિપિ શીખતા પૂર્વેના સંસ્કાર છે. એ જેટલા એને સારી રીતે શીખવવામાં આવે તેટલા એના અક્ષરો સારા થાય છે. જે અક્ષરો એના વ્યકિતત્વ અને પ્રતિભાનો એક ભાગ બનીને અભ્યાસની તેજસ્વીતામાં છેક સુધી ઉપયોગી થાય છે.

# મારો અનુભવ

મારા શ્રી વર્ગ શિક્ષક તથા આચાર્યને સપ્રેમ નમન. હું પડાયા ઝરણા ગિરીશભાઈ આ રૂપાયતન શાળામાં છેલ્લા ૮ વર્ષથી અભ્યાસ કરી રહી છું. આ વર્ષ આ શાળામાં મારૂં છેલ્લું વર્ષ છે. ધોરણ ૧ થી ૮નો આ મારો અનુભવ હું આજે તમને સંભાળવા માંગુ છું.

મારૂ શાળાનું જીવન ખુબ ઉત્સાહપૂર્વક અને પ્રેમથી ભરેલું છે. શાળાએ મને સમયનું મુલ્ય શિખવ્યું અને આ મારા જીવનમાં એક અદભુત સમય બની ગયો. આ નિશ્ચિત રૂપથી એ સમય છે જયારે મેં પોતાને મેળવી અને પોતાના વિશે ઘણું શિખ્યું. મારા શાળાના જીવનએ મને ઘણું આપ્યું છે અને આત્મનિર્ભર બનવામાં મદદ કરી. મેં આ શાળામાં ધોરણ – ૧થી અભ્યાસ કરવાનું શરૂ કર્યુ. શરૂઆતમાં મારા માટે બધું નવું હતું અને એ ઉંમરે મને ઘણા સારા શિક્ષકો અને મિત્રો મળ્યાં. શાળામાં મારો પ્રથમ દિવસ મારા માટે તદન નવો અનુભવ હતો. કારણ કે કોઈપણ બાળક માટે વાતવરણ સંપુર્ણપણે બદલાઈ જાય છે. હંમેશા તમારા પોતાના ઘરની પ્રથમ દિવસ અજાણ્યા અનુભવી અને તકોના દ્વાર ખોલે છે. અન્ય બાળકોની જેમ હું પણ મારા પ્રથમ દિવસે ડરી ગઈ હતી. મને સ્પષ્ટ પણે યાદ છે કે હું મારી માતાનો હાથ છોડતી ન હતી. વર્ગખંડમાં જવા માટે અચકાતી હતી.મારા પ્રથમ દિવસે હું ઉત્સાહિત થય અને પ્રથમ વખત મારો યુનિફોર્મ પહેર્યો. તેણે મને આપેલી લાગણી યાદગાર હતી, હું તેને કયારેય ભૂલી શકતી નથી. મારો પહેલો દિવસ હોવાથી મારા માતા પિતા બંને મને મુકવા આવ્યા હતાં. રેતા રેતા હું બધા સાથે ભળવા લાગી. બધા શિક્ષકો મારી સાથે સારો પરિચય થવા લાગ્યો.

ખબર જ ન પડી કે કયારે હું ૮માં ધોરણમાં આવી ગઈ. મે મારા મિત્રો સાથે બનાવેલી આ શાળાની મારી યાદગાર યાદો અને ભૂલ કરતા શિક્ષકોનું અમને ખિજાવું. મિત્રો સાથે બાધવું, મસ્તી – મજાક કરવી. આ શાળામાં મને ઘણા સારા મીત્રો મળ્યાં તથા હું ધોરણ ૧ થી આ સંસ્થામાં પ્રવેશ મેળવીને હાલ ધોરણમાં ૮માં અભ્યાસ કરૂ છું.

આ આઠ વર્ષની સફળ દરમિયાન તમામ શિક્ષકો દ્વારા મને તથા મારા સહપાઠી સૌને ઉતમ માર્ગદર્શન અને શિક્ષણની સાથે જીવન ઘડતરનો અને જીવનમાં સારાં વ્યકિત તરીકે સમાજમાં નામના મેળવીને મારા પરિવાર તથા સંસ્થાનું નાભમ ઉજવળ કરવાનું ઉત્તમ માર્ગદર્શન મળેલ છે. અમારી સંસ્થાના આચાર્ય દ્વારા અમોને માતૃવાત્સલ્ય સાપડેલ છે. અને સંસ્થાના ટ્રસ્ટીગણ દ્વારા તેઓના જીવનના અનુભવોનું ઉત્તમ માર્ગદર્શન પણ મળેલ છે.આમ, સર્વાશે મારી શાળાના તમામ શૈક્ષણિક સ્ટાફ,

આચાર્ય તથા ટ્રસ્ટીગણ દ્વારા ઉત્તમ વ્યકિતત્વ કેળવીને જીવન ઘડતરનો ગુરૂમંત્ર મળેલ છે અને અંતે કહું તો મારી શાળ ાના અનુભવ મારી શાળા એટલે મારો પરિવાર, જેમાં માતા – પિતાના પ્રેમની હુંફ સાથે શિક્ષણ. અસ્તુ **નામ : પડાયા ઝરણા,ધોરણ : ૮ બી,શાળા : રૂપાયતન પ્રા. શાળા**



**બાલમિત્રો,**

પરીક્ષાઓ પુર્ણ થઈ ગઈને ? એ તો ઘોડા છુટા માતા–પિતાએ પણ હાશકારો અનુભવ્યો હશે. આજે દિવાળી વેકેશન પણ છે. એટલે દરેક નાના મોટા આયોજનો થઈ ગયાં હશે. ખુબ આનંદથી હરોફરો, દિવાળી ઉજવો. આ ઉત્સવ દીપોત્સવીનો છે. પ્રકાશનો ઉત્સવ છે. અંધકારમાંથી પ્રકાશ તરફ જવાનો દિવસ છે. આપણામાં રહેલા અંધકાર રૂપી અજ્ઞાનને પ્રકાશમાં ફેરવવાની તક છે. ઉત્સવ છે.

બાળમિત્રો, આપણું બાલ એકસપ્રેસ તમાર માટે છે. તમારા જ્ઞાનવૃધ્ધિ માટે છે. એટલે તમે જે રીતે દિપોત્સવી ઉત્સવ ઉજવ્યો હોય તેનો નિબંધ લખી સંપાદકને મોકલી આપજો. આપણે છપ્પીશું તમે જયાં પ્રવાસમાં ગયા હો ત્યાંનું વર્ણન પણ લખી રાખજો. પછી અમને મોકલી આપશો.

આ નિબંધ વર્ણન માત્ર બાળકો માટે જ છે. એવું નથી. મોટેરાઓ પણ બાળકોને ઉપયોગી કૃતિઓ, માહિતી મોકલી આપશો તો આનંદ થશે.

**"સૌને દિપાવલીની શુભકામનાને નૂતનવર્ષાભિનંદન..."**

# સોનબાઈ અને રૂપબાઈની વાર્તા

એક હતી સોનબાઈ અને એક હતી રૂપબાઈ. એ બે મહેનપણીઓ હતી. એક વાર સોનબાઈ અને રૂપબાઈ ધૂળ લેવા આમાં સોનબાઈ ખોદે ત્યાં સોનું નીકળ . રૂપબાઈને આથી મનેખાઈ આવી. બેઉ જણી જયારે સૂંડલા ભરી રહી ત્યારે મન સોનબાઈ રૂપબાઈને કહે બહેન, બહેન ! આ મારો સૂંડલો ચણાવને ?

રૂપબાઈ કહે હું તો તારો સૂંડલો કાંઈ ચડાવતી નથી. ચકરને તારી મેળાએ ? મારો સૂંડલો ચડાવીને હું તો મારે ચાલી. એમ કહીને રૂપબાઈએ તો પોતાનો સૂંડલો પોતાને માથે ચકો ને ઘરે ચાલી ગઈ. સોનબાઈ બિચારી વનમાં એકલી – ઊભી ઊભી કોઈ ચડાવવાવાળાની વાટ જોવા લાગી. મનમાં ત્યાં એક બાવો નીકળ્યો. સોનબાઈએ એ બાવાજીને – ૨૨૪, બાવાજી ! મને જરા સૂંડલો ચડાવો ને ? બાવો મન ચાવવા પાસે આવ્યો; પણ સોનબાઈની નજીક આવ્યો એટલે તો એને સોનબાઈને ઉપાડી જવાનો વિચાર થયો. એ તો સોનબાઈને ખભે ચડાવી ચાલતો થઈ ગયો.

બાવો સોનબાઈને વનમાં ખૂબ દૂર લઈ ગયો. ત્યાં એક ઊંચું ઝાડ હતું. તેના ઉપર એણે સોનબાઈને ચડાવ્યાં. પછી એ ગામમાં ગયોને માખણ લાવી ઝાડના થડને ચોપડયું. ઝાડના થડને માખણ ચોપડ્યું એટલે સોનબાઈ નીચે ઊતરી શકે નહિ અને કોઈ ઉપર ચડી પણ શકે નહિ. બાવો રોજ લોટ માગવા જાય અને સોનબાઈ એકલાં ઝાડ ઉપર રહે. સોનબાઈ બિચારાં બહુ જ મૂંઝાય પણ કરે શું? ઝાડ પરથી નીચે ઉતરાય જ નહિ ત્યાં ?

ઘણે વખતે સોનબાઈના ભાઈનાં લગ્ન કરવાનો દિવસ આવ્યો. જાન જોડી સોનબાઈનાં માબાપ બીજે ગામ જવા નીકળ્યાં. રસ્તામાં જે ઝાડ ઉપર સોનબાઈ રહેતાં હતાં તે જ ઝાડ આવ્યું. સૌ એ ઝાડ નીચે ભાતું ખાવા બેઠાં. સોનબાઈએ ઉપર બેઠાં બેઠાં બધાંયને દેખ્યાં, મનમાં મનમાં તેને રોવું આવી ગયું. તેનો પાળેલો મોતિયો કૂતરો પણ જાનમાં સાથે જ હતો મોતિયાને જોઈને સોનબાઈનું હૈયું ખૂબ ભરાઈ આવ્યું, તે બોલ–

મોતિયા રે કૂતરા,
મોતિયા રે કૂતરા!
તમે તો સૌ જાને જાવ છો,
ખાજલિયાં ખાજાં ખાવ છો,
પોટલીએ પાણી પીવ છો,
સોનબાઈ વનમાં એકલી !

સોનબાઈ એક વાર આમ બોલ્યાં એટલે સૌ વિચારવા લાગ્યાં–અરે ! આ તો અહીં કોણ બોલે છે ? ત્યાં તો વળી સોનબાઈ બોલ્યાં –

મોતિયા રે કૂતરા,
મોતિયા રે કૂતરા!
તમે તો સૌ જાને જાવ છો,
ખાજલિયાં ખાજાં ખાવ છો,
પોટલીએ પાણી પીવ છો,
સોનબાઈ વનમાં એકલી !

માબાપના માનમાં થયું કે આ તો જરૂર સોનબાઈનો જ સાદ. બધાંએ ઊંચે ઝાડ તરફ જોયું તો સૌએ સોનબાઈને દીઠાં. પછી મોતિયે થડ ઉપરનું બધું માખણ ચાટી લીધું અને ચેતભાઈનો ભાઈ ઉપર ચડયો. તેણે સોનબાઈને નીચે ઉતારી. તો સોનબાઈને સાથે લઈને જાન પોતાને રસ્તે પડી ગઈ.

પાછળથી લોટ માગીને બાવો ઝાડ પાસે આવીને જુએ છે સોનબાઈ તો ન મળે ! ઝાડના થડ ઉપરથી માખણ પણ ભાઈ– ચાટી ગયેલું. બાવો તો ત્યાંથઈને જાનનું ગાડું નીકળ્યું મન સર ચીલે ચીલે ચાલ્યો, અને જે ગામમાં જાન ગઈ હતી અને ગામમાં ગયો. ગામમાં ફરવા લાગ્યો ને બોલવા લાગ્યો–

લાવ મારી સોની
નીકર ધોકો લગાવી દઉં;
લાવ મારી સોની
નીકર ધોકો લગાવી દઉં.

સોનબાઈએ બાવાને ભાળ્યો એટલે સેને કહ્યું– આ બાવો જ મને લઈ ગયો હતો. પછી એક જણાએ બાવાને કહ્યું બાવાજી ! સોની જોઈએ છે ? બાવો કહેહા. એટલે પેલા માણસે બાવાને કહ્યું ત્યારે બાવાજી ! બેસો આ ખાટલા ઉપર. હમણાં સોનીને લઈ આવું છું.

ખાટલો કૂવા ઉપર ઢાળ્યો હતો ને અંદર વાણ ભર્યા વિનાનો હતો; તેના ઉપર એકલો ચોફાળ જ પાથર્યો હતો. જયાં બાવાજી સોનીને લોભે ચોફાળ પર બેસવા ગયા ત્યાં ધબ દઈને કૂવામાં પડયા ને ડૂબી મૂઆ ! પછી સોનબાઈ અને સૌભાઈ પરણાવીને ઘેર આવ્યાં.

## બાલ કથાઓ



ગિજુભાઈ બધેકા
(બાલ સાહિત્યના બ્રહ્મા)

# બાલગીત

મારે ગાવું છે – ગીતડું નાનું, સુંદરને મજાનું
માટે સૌ સાથે ગાજો, સાથે ગાજો...
મારે ગાવું...
મારે ભમવા છે – ખીણને ડુંગરપ પર્વતને કોતર,
માટે સૌ સાથે ભમજો, સાથે ભમજો...
મારે ગાવું...
મારે બનવું છે – સૌનિકો નાના, સુંદરને મજાના,
માટે સૌ સાથે બનજો, સાથે બનજો...
મારે ગાવું...
મારે રમવું છે – ખો – ખો, કબડી, ક્રિકેટને હોકી,
માટે સૌ સાથે રમજો, સાથે રમજો...
મારે ગાવું...

**નામ : સંજયભાઈ ભિખાભાઈ વાળોદરા**
**શાળા : રૂપાયતન પ્રા. શાળા**


# ઉખાણા

૧. એવું કયું ફળ છે જે ચાર રંગનો હોય છે ? – તરબુચ
૨. એવો કયો દેશ છે જયાં કાગરુ રહે છે ? – ઓસ્ટ્રેલિયા
૩. ઘરમાં શું નાખવાથી સાપ તરત બહાર જતું રહે છે ? – ફીનાઈલ
૪. ગૌતમ બુધ્ધે પહેલાં ઉપદેશ કયાં આપ્યો હતો ? – સારનાથ
૫. ભારતના ઝંડામાં કયા રંગનું ચક્ર ચિનહ છે. – વાદળી
૬. ભારતમાં બધાથી વધોર જન સંખ્યા કયા રાજયમાં છે ? – ઉતર પ્રદેશ
૭. ખોટું બોલવાથી માણસનું કયું અંગ ગરમ હોય છે ? – નાક
૮. ગાંધી જયંતી કયારે ઉજવીએ છીએ. – ૨ ઓકટોબરે

**નામ : રાઠોડ નિરાલી હિતેશભાઈ,ધોરણ : ૬ બી, શાળા : રૂપાયતન પ્રા. શાળા**

# ચીં...ચીં...ચકલી !

**લેખક પરિચય**
**નામ : હસમુખ બોરાણિયા**
**જન્મતારીખ : ૧૮.૦૫.૧૯૫૯**
**વતન: બાબાપુર, હાલ: અમરેલી.**
**વ્યવસાય: નિવૃત્ત પ્રિન્સિપાલ, (પ્રાથમિક શાળા)**



## કબુકબુ, આજા, આજા!



હસમુખ બોરાણિયા

એક હતું નાનકડું ગામ. ગામનું નામ સુંદરનગર. તમને થશે નગર તો મોટું હોય, ગામ નાનું હોય તો પછી નગર કેમ ? બસ, એમ જ. બોલવામાં ગમે એટલે. આ ગામમાં બધી જ સગવડ હતી. ગામ રળિયામણું. નદીકિનારે વસેલું. આ ગામમાં એક ચકલી હતી, જે ખૂબ હોશિયાર હતી, આ ચકલી શાળામાં ભણવા ગઈ હતી. એટલે એના પરથી પ્રાથમિક શાળાનું નામ પડયું ચકલીવાળી શાળા ! આજે એ ચકલીની વાર્તા કહેવી છે, સાંભળો :

ગામમાં સરસ મજાની પ્રાથમિક શાળા હતી. શાળાનાં બાળકો પણ મજાનાં, વહાલાં લાગે એવાં. સૌ ભણે, ગણે, રમે ને મજા કરે.

શાળામાં નાનકડો બાગ પણ હતો. રંગબેરંગી ફૂલોથી શોભતો. અનેક પક્ષીઓ આવે. ઝાડ પણ હતાં. લીમડો, પીપળો, વડ, આસોપાલવ, ગુલમોર શોભામાં વધારો કરતા હતા. શાળા ચકલી, પોપટ, કાબર, કબૂતર, કાગડા, બુલબુલ હોલાં જેવાં પક્ષીઓના કલરવથી ઝૂંજી ઊઠતી. આ તરફ બાળકોના, ભૂલકાંઓના કલબલાટથી શાળા જીવંત લાગતી.

આખો દિવસ અગિયાર વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી બાળકો શાળામાં અભ્યાસ કરીને સાંજે ઘેર જાય. અમુક પક્ષીઓ ઝાડ પર માળામાં રહે, ચકલી શાળાની ઓસરીમાં લટકાવેલ માળામાં રહે. કબૂતર શાળાના બહારના માળિયામાં માળા કરીને રહે.

પક્ષીઓ આખો દિવસ ચણ ચણવા જાય. શાળામાં એક ચબૂતરો હતો ત્યાં પણ ચણે. જે ચબૂતરા માટે બાળકો રોજ રોજ એક મુટ્ઠી અનાજ પોતાના ઘેરથી લાવતાં. પક્ષીઓ બાજુમાં લટકાવેલ પાણીના કૂંડામાંથી પાણી પીએ.

શાળાનાં બાળકો ભણતાં હોય તે જોયા પણ કરે ! એક ચકલી તો બાળકો ભણતાં હોય તે ઓરડામાં આવીને આંટો પણ મારી જાય ! કયારેક બારીમાં બેસે, કયારેક બારણા પર બેસે. ચકલી શાળામાં રહે એટલે શાળાનાં બાળકો તેનાં મિત્રો બની ગયેલાં. બાળકોને ચકલી જોવાની મજા પડે, ચકલીને પણ મજા પડે ને મોજમાં ને મોજમાં ચીં... ચીં... ચીં... કરીને ઊડાઊડ પણ કરે. બાળકોને ભણવામાં ખલેલ ના પાડે હો ! આવું રોજ બને. એમાં એક ચકલીને શાળામાં અભ્યાસ કરવાની ઈચ્છા થઈ ! ચકલીએ ઘેર વાત કરી. બધાં કહે, “તારે ભણવાની શી જરૂર ?”

તો ચકલી કહે, “બધાં કેવું સરસ રીતે ભણે છે, ગણે છે, રમતો રમે છે, ગીતો ગાય છે. મારે પણ એવું શીખવું છે.”

વડીલ ચકલી કહે, “સારૂ, શાળામાં પૂછી જોજે.

ચકલીએ તો પોતાના એક બાળમિત્રને વાત કરી. બાળમિત્ર કહે, “સારૂ, હું મારા સાહેબને અને આચાર્યને પૂછી જોઈશ.” બાળમિત્રે સાહેબને, આચાર્યને વાત કરી. બંને રાજી થઈને કહે “ચકલી ભલે આવે ભણવા !, ચકલી ભલે આવે ગણવા, કોઈ ભણે, ગણે તો અમને તો ગમે જ.” બાળમિત્ર રાજી થઈ ગયો. દોડીને ચકલીને સમાચાર આપ્યા. ચકલી પણ રાજી થઈ ગઈ ને ચીં... ચીં... ચીં... કરીને ઊડાઊડ કરવા માંડી. ઘેર જઈને બધાંને વાત કરી. સૌ રાજી થયાં. બીજા દિવસે સવારે ચકલી તો દફતર લઈને શાળામાં આવી, સૌ બાળમિત્રો ગાવા લાગ્યા :

“ચકલી આવી ભણવા સ્કૂલમાં, દફતર સાથે લઈને સ્કૂલમાં.”

ચકલી તો રાજી–રાજી થઈ ગઈ. બહેન બધાંને પાટીમાં લખાવવા માંડયાં. બહેને એકડો લખાવ્યો. બધાએ લખ્યો. પણ ચકલીને એકડો આવડે નહીં. બધાં એકડો ઘૂંટે, પણ ચકલીને એકડો ઘૂંટતાં આવડે નહીં. બધાં બાળમિત્રો રજા પડી ત્યારે ચકલીનું ગીત ગાવા લાગ્યાં, “બેન ભણાવે સૌને એકડો, એકડો એને આવડે નહીં.”

બીજા દિવસે બહેને કક્કો લખાવ્યો. બાળમિત્રોએ કક્કો લખ્યો. ચકલીને કક્કો લખતાં આવડયો નહિ. બધાં બાળમિત્રો રજા પડી ત્યારે ફરી ચકલીનું ગીત ગાવા લાગ્યા, “બેન ભણાવે સૌને કક્કો, કક્કો એને આવડે નહીં.” આવું રોજ બનવા લાગ્યું. ચકલીને ગણિત, ભાષા, પર્યાવરણ કોઈ વિષય આવડે નહીં. એટલે બાળમિત્રો રજા પડી ત્યારે ચકલીનું ગીત ગાવા લાગ્યા, “અમને એવું લાગે ચકલી, આવી જાણે ભૂલમાં ભણવા.”

પછી તો શું થયું ખબર છે? એક દિવસ બહેને ચિત્રના વર્ગમાં ડિઝાઈન બનાવવાનું કહ્યું. ચકલીએ વોટર કલર લઈને સરસ ડિઝાઈન બનાવી. કેવી રીતે ખબર છે? વોટર કલરમાં પોતાના પગ ઝબોળીને કાગળમાં છાપ પાડી, સરસ ડિઝાઈન તૈયાર ! વર્ગમાં નંબર આવ્યો, ચકલી નંબર વન ! એક દિવસ બહેને જુદા જુદા અવાજ કાઢવાનું કહ્યું. બધાં બાળમિત્રોએ પ્રયત્ન કર્યો. ચકલી તો ચીં... ચીં... ચીં... બોલી, એવું સરસ બોલી કે એવું તો કોઈને આવડે નહિ. બહેન ખુશ થયાં. ચકલીને શાબાશી આપી. વર્ગમાં નંબર આવ્યો, ચકલી નંબર વન ! બધાં બાળમિત્રો રજા પડી ત્યારે ચકલીનું ગીત ગાવા લાગ્યા, “સરસ મજાનું ચીં...ચીં બોલે, અમને એવું આવડે નહીં...”

દરરોજ રજા પડે ત્યારે બાળમિત્રો તો ધીમો ધીમો ચાલીને ઘેર જાય. પણ જેવી રજા પડે કે ચકલી ફર... ર... ર... કરતી ઊડીને પોતાના માળામાં જતી રહે. બધાં વાતો કરે કે ચકલી જેવું ઊડતાં આપણને આવડે નહીં એટલે બાળમિત્રો રજા પડી ત્યારે ચકલીનું ગીત ગાવા લાગ્યા, “સરસ મજાનું ફર.. ર... ર... ઊડે, અમને એવું આવડે નહીં.” વર્ગમાં બહેને ચકલીના માળા વિશે વાત કરી. ચકલી કેટલી મહેનત કરીને, સૂઝબૂજથી માળો બનાવે છે. દાણા ચણવાની વાત કરી. બાળમિત્રોને થયું, ચકલી તો હોશિયાર છે. એને બધું જ આવડે છે. ચકલીને પણ ખબર પડી ગઈ કે મને બધું આવડે છે. માળો બાંધતાં આવડે છે, ઊડતાં આવડે છે, દાણા ચણતાં આવડે છે, પાણી પીતાં આવડે છે, ચી...ચી... ચીં... બોલતાં આવડે છે. બસ, ત્યારથી ચકલી ખુલ્લા આકાશમાં ઊડે છે, દાણા ચણે છે, માળો બાંધે છે, ચીં...ચીં...ચીં... બોલે છે. બાલમિત્રોને શાળામાં મળવા આવે ત્યારે. હાય. હેલ્લો, કરે છે. કેવી રીતે? ખબર છે? ચીં...ચીં...ચીં...!

# દીવા તળે અંધારૂં

અર્થ : ચોતરફ પ્રકાશ આપનાર દીવાની નજીક જ અંધકાર હોય છે. પ્રામાણિક સજ્જનના અમલ પછી પણ અન્યાય તેમજ જૂઠનું ચલણ ચાલું રહેવું. બીજાને લાભ કરાવનાર પોતાનાં સ્વજનોને તે લાભથી વંચિત રાખે તો પણ આ કહેવતનો પ્રયોગ થાય છે.

આ વાર્તા એ સમયની છે જયારે વિજળીના દીવાની શોધ થઈ ન હતી. અને લોકો ઘરમાં કોડિયાં, ચીમની કે ફાનસ સળગાવી અજવાળું કરતા હતા.

એક વખત એક માણસ એક જૂનો અને સુંદર કારીગીરીવાળો દીવો ખરીદી લાવ્યો. રાત પડતાં તેણે દીવો સળગાવ્યો તો આખા ઓરડામાં ઝળહળ અજવાળું ફેલાઈ ગયું. એટલામાં એની પત્નીએ આવી કબાટની ચાવી માંગી. તે માણસે ખિસ્સામાં હાથ નાખી ચાવી પત્નીના હાથમાં આપી પણ તેની આંગળીમાંથી વીંટી સરકીને નીચે ગબડી ગઈ.


તે માણસને વીંટી સરકયાની ખબર પડતાં જ તેણે તે ઓરડામાં શોધવા માંડી. ઓરડામાં અજવાળું હોવા છતાં તેને તે વીંટી દેખાઈ નહીં એણે આખા ઓરડામાં વીંટી શોધી પણ કોણ જાણે તે કયાં ગાયબ થઈ ગઈ ?

બીજે દિવસે સવારે તે માણસે ઓરડામાં જોયું તો તે વીંટી બિલકુલ દીવાની નીચે જ પડી હતી પણ નજરે ચઢી ન હતી. એટલામાં તેની પત્ની આવી અને પૂરી હકીકત જાણી હસતાં હસતાં બોલી કેવી નવાઈની વાત છે. આખા ઓરડામાં દીવાનો પ્રકાશ હતો પણ દીવા નીચે જ અંધારૂ હતું.

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



## પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી જ્ઞાન ઝરણા



### શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧. પતિ – પત્ની સાથે ઈશ્વરની આરાધના કરે તો પ્રભુ જલદી પ્રસન્ન થાય છે.
૨. ગૃહસ્થાશ્રમ બગડે છે, કુસંગથી.
૩. દેહદ્રષ્ટિ રાખવાને બદલે દેવદ્રષ્ટિ રાખો.
૪. કોઈને પણ ભોગદ્રષ્ટિથી જોશો નહીં, પરંતુ ભગવત દ્રષ્ટિથી જોજો. દ્રષ્ટિ સુધરશે તો સૃષ્ટિ સુધરશે. ભાગવત આંખ આપે છે, દ્રષ્ટિ આપે છે.
૫. પરમાત્મા કૃતિને જુએ છે. મનુષ્ય આકૃતિને જુએ છે.
૬. જે સ્વરૂપનું મન વારંવાર ધ્યાન કરશે તેનો આકાર મનમાં સ્થિર થઈ જશે.
૭. જીવને બીક લાગે છે કારણ કે ઈશ્વરના સાન્ધિયનો સતત અનુભવ કરતો નથી.
૮. ગૃહસ્થાશ્રમ ભકિતમાં બાધક નથી પણ સાધક છે. બાધક છે ગૃહસકિત.
૯. જેમ અન્નનું સેવન રોજ કરો છો તમે વારંવાર સત્સંગની જરૂર છે.
૧૦. બ્રાહમણ ત્રણ વખત સંઘ્યા કરે

# જ્ઞાનમંજરી

### ભારતનાં મહત્વનાં સ્થળો

(૧) હિમાલય પર્વતની શ્રેણીના સ્થાને અતિ પ્રાચની સમયમાં કયો સાગર હતો ? – ટેથિસ
(૨) દક્ષિણ ભારતમાં દ્વિપકલ્પીય ઉચ્ચપ્રદેશનું સર્વોચ્ચ શિખર કર્યુ છે ? – અનાઈ મૂડી
(૩) નિલગીરી પર્વતનું સૌથી ઉચ્ચુ શિખર કયુ છે ? – દોદાબેટ
(૪) કોને ગંગાના મેદાનનું પ્રવેશદ્વાર માનવામાં આવે છે ? – દિલ્લી
(૫) અરવલ્લીમાં કયું હવા ખાવાનું રમણીય સ્થળ આવેલું છે. ? – આબુ
(૬) કોને સાપુતારાની રાણી તરીકે ઓળખવામાં આવે છે ? – પંચમઢી
(૭) ઘોડાની નાળ જેવો આકાર કયા દ્વિપ સમુહનો છે ? – લક્ષદ્વિપ
(૮) કૃષ્ણ રાજસાગર બંધ કઈ નદી ઉપર બાંધવામાં આવ્યો છે ? – કાવેરી
(૯) દક્ષિણ ભારતની સૌથી લાંબી નદી કઈ છે ? – ગોદાવરી
(૧૦) ભારતમાં સૌથી નીચુ તાપમાન કયા અનુભવાય છે ? – જેસલમેર

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## અંદર બહાર

માણસમાં કયારેક વિચિત્ર વિરોધાભાસ જોવા મળતા હોય છે. શરીરે ઠીંગણો હોય ને જ્ઞાનમાં ઊંચો હોય, ચામડીનો રંગ કાળો હોય તે અંતરથી ઊજળો હોય, તન મેલું હોય પણ મનનો સ્વચ્છ હોય, શરીર કંગાલ હોય ને અંતર અમીરાતથી ભરેલું હોય, દેહનો દેખાવ કઢંગો, વિકૃત હોય અને માંહ્યલો આત્મા સર્વાંગ સુંદર હોય. એનો અર્થ એટલો.. કોઈને પણ બાહ્ય દેખાવથી ન માપવા ! કારણ ? આથી ઉલટું પણ બની શકે. શરીરથી સુંદર સ્વચ્છ સુદઢ ઊજળા ગોરા મજબૂત હોય, અને...?

## પ્રયોગ – ૧૬
# મીશ્રણોના ઘટકોનું અલગીકરણ


હેતુ : લાકડાના વહેરાના અને લોખંડના ભૂકાના મિશ્રણમાંથી લોખંડના ભૂકાને જુદો પાડવો.
સાધન : લાકડાનો વહેર, લોખંડનો ભૂકો, ગજિયો ચુંબક, કાગળ
રીત : એક કાગળ પર લાકડાંનો વહેર અને લોખંડના ભૂકાને ભેગા કરો.

ગજિયા ચુંબકને આ મિશ્રણ પાસે લઈ જાઓ.

અવલોકન : ગજિયા ચુંબક દ્વારા મિશ્રણમાંના લોખંડના ભૂકાને અલગ કરી શકાય છે.
તારણ : છૂટો પડેલ લોખંડનો ભુકો અને લાંકડાનો વહેર પોતાના ગુણધર્મો જાળવી રાખે છે.

પરપોટા ગોળ કેમ હોય છે ?

સાબુના પાણીમાંથી તમે પરપોટા બનાવ્યા હશે પરંતુ જાણો છો ? નાના મોટા બધા પરપોટા એક સરખા, સરસ મજાના ગોળ જ બને છે. એનો ગોળો જરાય વાંકો – ચૂકો નથી થતો. આપણે ફકત ફૂંક મારીએ એટલે પરપોટો આપમેળે જ સરસ ગોળ બને છે. હવાનું ચારે બાજુનું એકસરખું દબાણ ઉપરાંત પાણીમાં સાબુની ચિકાશ હોવાથી એમાં ફૂંક મારીએ ત્યારે પાણીની સપાટી તૂટી જવાને બદલે ખેંચાઈને ફુલે છે. પાણીનો પરપોટો ફૂલે ત્યારે તેની અંદર આપણે ફૂંકેલી હવા હોય છે અને બહાર ચારેબાજુ બહારની હવા હોય છે. બહારની હવા બધી બાજુથી પરપોટાને સરખો દબાવીને ગોળ કરે છે. એની સામે પરપોટાની અંદરની હવા બધી બાજુ સામું જોર કરીને પરપોટાને ટકાવી રાખે છે. જયારે બહારનું દબાણ વધી જાય ત્યારે પરપોટો ફૂટી જાય છે.



## પ્રયોગની પાંખે



વિજ્ઞાન નગરી
પ્રકાશક: શ્રી બળવંત પારેખ

# પ્રાસ્તાવિક પૂર્વરંગ

## સુજલની સાહસકથા
નલિન મહેતા
પ્રકાશક : ભદ્રા મહેતા

અદ્રશ્ય સબમરીન અને તેને કારણે આદામાન દ્વીપસમૂહમાં કવાતય માટે એકત્ર થયેલ આપણા દેશના નૌકાદળ ઉપર તોળાયેલું જોખમ ! હું જાણું છું આ વાત ગળે ઉતારવી સહેલ નથી. વિજ્ઞાનના ગ્રંથોમાં જળ સપાટી ઉપર પણ જોઈ ના શકાય એવી સબમરીનની શોધનું કોઈ પ્રમાણ નથી. પરંતુ સુજલના કહેવા પ્રમાણે પોર્ટબ્લેર પાસે કેપ્ટન નીનોની આવી જ એક સબમરીનમાં તે સપડાઈ ચૂકેલો. વળી સુજલનું કાસળ કાઢવા તત્પર કુખ્યાત દાણચોર બેબસન તથા તેના સાગરીતો ખંજરસીંગ અને પટ્ટમપીલ્લે પણ ત્યારે તેમાં મોજૂદ હતા. સમાચાર માધ્યમોમાં જો કે આવી કશી ઘટનાનો ઉલ્લેખ નથી. પણ બેબસન ઉર્ફે બાબુ શેઠનું નામ ભાવનગર કોર્ટમાં ચાલેલા પાસપોર્ટ તેમજ સોનાની તસ્કરીના મુકદમા વખતે ગુજરાત ભરમાં અખબારોમાં ચમકેલું ખરૂં. એ જ અરસામાં નજદીકમાં આવેલ સુજલાના ગામ મહાનદ પર સર્જાયેલ કુદરતી હોનારતનાં દશ્યો તો પાછળથી ટેલિવિઝન ઉપર પણ દેખાડાયેલાં. પરંતુ આ બધા બનાવોમાં સુજલે ભજવેલ મહત્વની ભૂમિકાનો કશો સંકેદ છાપાંઓ કે રેડિયો – ટીવીમાં જોવા મળતો નથી. રવિ કે કવિના પહોંચી શકે ત્યાં ધસી જનાર ખબરપત્રીઓના જ્ઞાનની પણ આખરે એક સીમા હોય છે. અલંગથી આંદામાન જેટલા બહોળા વિસ્તારને આવરી લેતા એવા અનેક રહસ્યોનો ઘટસ્ફોટ માત્ર સુજલ દ્વારા શકય છે. પણખ એ પોતે જ મૂર્તિમંત સમસ્યા હોય તો શું કરવું? અઢારેક વર્ષના આ નવયુકના વ્યક્તિત્વમાં જે અલૌકિક તત્વ વણાયેલું તેને સમજવા અમારી મુલાકાત કેવા સંજોગોમાં થઈ તે જાણવું જરૂરી છે. તેથી સુજલની કહાણી રજૂ કરતાં પહેલાં મારા એક નાનકડા પરાક્રમ – કે મૂર્ખામી ? – વિષે જણાવી દેવું આવશ્યક છે.

# કબૂલ્યું, તે કર્યુ ?

## મારા ગાંધીબાપુ
ઉમાશંકર જોશી
સંપા. મહેન્દ્ર મેઘાણી

દક્ષિણ આફ્રિકામાં જોહાનિસબર્ગમાં ગાંધીજી વકીલાત કરતા ત્યારની વાત છે. ઘરથી ઓફિસ ત્રણ માઈલ દૂર હતી. એક વાર ગાંધીજીના સાથી શ્રી પોલાકે ગાંધીજીના તેરેક વરસના પુત્ર મણિલાલને ઓફિસથી એક પુસ્તક ઘરે લઈ આવવાનું કહેવું. મણિલાલ ભૂલી ગયા. વાત ગાંધીજી સુધી પહોંચી ગાંધીજી મણિલાલ પાસે ગયા. પૂરી મૃદુતાથી પણ મકકમતાથી પુત્રને કહ્યું : રાત અંધારી છે, પંથ વિકટ છે, આવતાં જતાં છ માઈલ થાય છતાં તેં કબૂલ્યું હતું એટલે ઓફિસ જઈને મિ. પોલાકને પુસ્તક લાવી આપવું રહ્યું. સાંભળીને બા અને ઘરનાં બધાં વિમાસણમાં પડી ગયાં. બાપુએ આવો આગ્રહ શા માટે રાખવો જોઈએ એવા સવાલો પણ ઊઠયા. ઓફિસના સાથી કલ્યાણદાસભાઈએ કહ્યું: જોઈએ તો હું પુસ્તક લઈ આવું અથવા તો મણિલાલ સાથે મને જવા દો. ગાંધીજીએ બીજો વિકલ્પ સ્વીકાર્યો. તેરેક વરસના કિશોર પુત્રને મોડી રમાતે પણ શ્રી પોલાકને પુસ્તક લાવીને આપ્યું – પોતે સ્વીકારેલું કામ પાર પાડયું એની પુષ્પથીયે કોમળ પણ વીજથીયે કઠોર પિતાએ બરાબર કાળજી રાખી.

# દાંતનાં દર્દો

## સૌનું આરોગ્ય
:: લેખક ::
વૈદ્ય પ્રદિપ આસ્તિક
૮૦ દર્દો પરના સરળ તેમજ સચોટ ૨૯૦ પ્રયોગોનો સંગ્રહ



**કારણ :** દાંતના દર્દો મોટાભાગે અયોગ્ય ખોરાકને આભારી છે. આ સિવાય જળચર પ્રાણીનાં માસના સેવનથી, નિયમિત ભારે ખોરાકના સેવનથી તેમજ દાંત બરાબર સાફ ન કરવાની આદતથી દાંતના રોગો થાય છે.

૧. અસલ હિંગ, લવિંગ, કે કપૂર ત્રણમાંથી ગમે તે એક દુઃખતા દાંત કે દાઢ નીચે દબાવી રાખવાથી દાંતનો દુઃખાવો બંધ થાય છે.

૨. **દંતશૂળ :** સૂંઠ એક ભાગ અને ફુલાવેલ ફટકડી બે ભાગ લઈ, મેળવી બે–ત્રણ વખત દાંત પર ઘસવાથી દાંતમાં નીકળતું શૂળ બંધ થાય છે.

૩. **દાંતના પેઢા પર સોજો :** અવાળુ પર સોજો હોય તો અક્કલકરાને પાણી સાથે ઘસી તેમાં, સહેજ મીઠું મેળવી અવાળુ પર ઘસવાથી, દાંતનાં ઈજ પેઢાનો સોજો મટે છે. આ પ્રયોગથી મોંમાંથી લાળ ખૂબ ઝરે છે, અને સહેજ તમતમાટી લાગે છે; પરંતુ દાંતના સોજા મટે છે.

૪. **દાંતનો દુઃખાવો :** કપૂર, ઈજમેટનાં ફૂલ, અજમાનાં ફૂલ ત્રણે સમાનભાગે લઈ એક શીશીમાં નાખવાથી પ્રવાહી થઈ જશે. આ પ્રવાહીમાં રૂનું પૂમડું બોળી દાંત કે દાઢ ઉપર મૂકવાથી ગમે તેવો દાંત કે દાઢનો દુઃખાવો તરત જ મટે છે.

૫. **કળતા દાંત :** સવારે તથા રાત્રે લીંબડાનું દાતણ કરી, મીઠાના કોગળા કરવા. પછી તલ ખૂબ ચાવીચાવીને ખાવા આથી કળતા દાંતની ફરિયાદ દૂર થશે.

૬. **પાયોરિયા :** કડવા લીંબડાનાં પાન લાવી છાંયે સૂકવવાં. પાન સુકાઈ ગયા બાદ એક વાસણમાં બાળવા. પાન બળી જાય એટલે વાસણને તરત જ બંધ કરવું. આથી પાનની રાખ કાળી થઈ જશે. પછી આ રાખનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, તેમાં સિંધાલૂણ વીસ ગ્રામ મેળવી બાટલીમાં ભરી લેવું. આ મંજન સવાર સાંજ કરવું.

૭. **સર્વશ્રેષ્ઠ દંતમંજન:** સૂંઠ, મરી, પીપર, હરડે, બહેડાં, આંબળાં, તજ, તમાલપત્ર, એલચી, સિંધવ અને કઠ–આ દરેક એષધો સમાન વજને લઈ, વસ્ત્રગાળ ચૂર્ણ બનાવી તેમાં અર્ધો તોલો કપૂર મેળવી, પેક બાટલીમાં ભરી લેવું. આ દંતમંજન દાતણ સાથે વાપરવાથી દાંતનાં દર્દો થતાં નથી, થયાં હોય તે મટે છે અને દાંત મજબૂત બને છે.

(૪૩) દાઝવા ઉપર

કારણ : અકસ્માત સિવાય કોઈ કારણ નથી.

૧. ચૂનાની આશ અને તલનું તેલ સમાન ભાગે લઈ બંને મેળવી તેને ખૂબ જ ફીણવું એટલે ધોળી રાબ જેવું થશે. તેમાં ઝીણું કપડું બોળી દાઝેલા ભાગ ઉપર દિવસમાં ત્રણ–ચાર વખત લગાડવું. આથી બળતરા બંધ થઈ રૂઝ આવે છે.

૨. કુંવારનો ગર્ભ દાઝેલા ભાગ પર લગાડવાથી બળતરા તરત જ બંધ થાય છે.


૩. પાંચસો ગ્રામ તલના તેલમાં સો ગ્રામ રાળ અને સો ગ્રામ મીણ મેળવી ધીમા તાપે ગરમ કરવું. મીણ તથા રાળ તેલમાં ગળી જાય એટલે નીચે ઉતારીને તેમાં બોરિક એસિડ વીસ ગ્રામ કપડાથી ચાળીને મેળવવો. આ મલમ દાઝયા ઉપર તથા ખસ, ગૂમડાં, ચાંદામાં પણ અતિ ઉપયોગી છે. સ્ત્રીઓને ગુપ્તભાગની ખુજલીમાં પણ આ મલમ ઉપયોગી પુરવાર થયો છે.

# આ મારું ચિત્ર છે



દાફડા જાનવી જયંતીભાઈ
(ધોરણ–૬ રૂપાયતન પ્રા.શાળા)

પોપટ દર્ષી ધર્મેન્દ્રભાઈ
(ધોરણ – ૩ , રૂપાયતન પ્રા.શાળા)




દાફડા જાનવી જયંતીભાઈ
(ધો.૬, રૂપાયત પ્રા. શાળા)



કિંજલ નરેશભાઈ વાઘેલા
(ધોરણ. –૭ પાણિયા પ્રા.શાળા)

# સાવરકુંડલા : વીરદાદા જસરાજ સેના ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદ બાળકો સાથે દિપોત્સવની ઉજવણી



ખુશીનું પર્વ એટલે દિવાળી અને એ દિવાળી જયારે જરૂરીયાતમંદ બાળકો જે ઝુંપડપટ્ટીમાં રહે છે તેમની સાથે મનાવવામાં આવે ત્યારે એનો અનેરો આનંદ હોય છે અને ઝુંપડપટ્ટીમાં રહેતા બાળકો જે ભગવાનનું સ્વરૂપ કહેવાય છે તેના મોં પર સ્મિત અને ખુશીનાં આસું લાવવાએ ખુબજ અઘરૂ કાર્ય છે જો કે આ ખુશી આજે ચંદ્રશભાઈ રવાણીએ તમામ ખર્ચો આપીને આ ઉજવણી કરી હતી અને સાથે સાગર મશીનરીનાં માલિક અશ્વિનભાઈ સાગરે બાળકોનાં મોં મીઠા કરાવ્યા હતા. અને સાથે વીરદાદા જસરાજ સેના સાવરકુંડલાએ આ ઉત્સવ જરૂરીયાતમંદ ગરીબ બાળકો સાથે મનાવીને માનવતાની મહેંક ફેલાવી હતી જે જરૂરિયાતમંદ બાળકો મોંઘા ફટાકડા ફકત જોય શકે પણ ફોડી ના શકે એવા ફટાકડા આ બાળકોએ ફોડયા હતા જે બાળકોની ખુશી કિકિયારીનો અવાજ એટલો મધુર હતો કે આ ઉજવણી કરનાર વીરદાદા જસરાજ સેનાનાં ટ્રસ્ટી ચંદ્રેશભાઈ રવાણી, હસુભાઈ સૂચક, અશ્વિનભાઈ સાગર તેમજ સેવાનાં ભેખધારી એવા હિતેશભાઈ સરૈયા, અશોકભાઈ ખુમાણ, ભાવેશભાઈ બગડા, મહેશભાઈ મશરૂ, વસંતભાઈ સોની, આનંદભાઈ વણઝારા, ધારાબેન ગોહીલ, સંજય ચોટલિયાની આંખો પણ હર્ષનાં આંસુથી ભીની થયેલી જોવા મળી હતી. અને આ જરૂરિયાતમંદ ઝુપડપટ્ટીના બાળકો પણ સર્વોને ખુશીનાં ઓડકાર સાથે ભેટી પડયા હતા. આને કહેવાય ભારતીય સંસ્કૃતિના મહા પર્વ દિવાળીની ખરા અર્થમાં ઉજવણી !!

## પાના ૮ ઉપરનું ચાલું ચમારડીનું પાદર સૌ માટે

કરવામાં આવ્યો છે. પાદરમાં ઉભા કરવામાં આવેલ રોશનીનાં ઝગમગાટ અનેપાદરનેનવારંગરૂપસાથે નિહાળ વા મોટી સંખ્યામાં ગામજનો તેમજ આજુબાજુનાં ગામજનો પધારી ભવ્યતા અનુભવી રહ્યા છે. ચમારડીનાં પાદરમાંથી બાબરા–ગોંડલ સ્ટેટ હાઈવે પસાર થતો હોય માર્ગ પરથી પસાર થનાર વાહનચાલકો પણ ગામનો નજરો નિહાળવા થોડીવાર અટકી રહ્યા છે અને ચમારડી ગામ ખરા અર્થમાં ગોકુળિયુ બની ગયું છે તેવો ઉદગાર કાઢી રહ્યા છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીમાં અમુક નારાજ નગર સેવકોને

નગરપાલિકાના તમામ નિયમો નેવે મુકી દીધા છે. લોક સુખાકારી એક બાજુ છે જાહેરમાં ગંદકી, આડેધડ પાર્કિંગ, ગાયોના ટોળા ઉપર દિવાળીના દિવસોમાં લોકો ચાલવામાં પણ સલામત નથી, દિવાળી જેવો પર્વ મનાવવા માટે લોકો ડરી રહ્યાં છે. ગંદકીનું સામ્રાજય ખડકાયું છે તેનાં કારણે આરોગ્યક્ષેત્ર ઘરે ઉપર માઠી અસર થઈ રહી છે, આઉટસોર્સિંગ કોન્ટ્રાકટ બેજ ઉપર અસંખ્ય લાગતા વળગતા કાર્યકર્તાઓને ઘરે બેઠા પગાર અપાઈ છે, દિવાળી જેવો પર્વ હોય બહેન દિકરીઓ બજારમાં નીકળતા ડરે છે, સ્ટ્રીટ લાઈટ બંધ હોવાને કારણે અંધકારમય અમરેલી બન્યું છે, ગૃહ ખાતાનાં પ્રધાન ૪ વાગ્યા સુધી રાસ લેવાની વાતો કરતાં હતાં ત્યારે દિવાળી પર્વ કેવી રીતે ઉજવવું તે સવાલ પેદા થયો છે. ૧૫૦૦૦/– આંગળી ઉંચી કરવાની જગ્યાએ બિનસત્તાવાર મળતી માહિતી મુજબ અમુક આંગળી ૨૫૦૦૦/– ઉપર ઉભી થઈ છે અને આટલો ખર્ચ કર્યા બાદ બોર્ડ રદ કરવામાં આવ્યું છે ત્યારે વિકાસશીલની વાતો કરતા ધારાસભ્ય, આગેવાનો આ બાબતમાં અમરેલીન જનતાને શું કહેવા માંગે છે ? તેવો વેધક સવાલ નગરપાલિકા વિરોધપક્ષનાં ઉપનેતા શ્રીમતિ સેંજલબેન પ્રહલાદભાઈ સોલંકીએ કરી અમરેલી શહેરની જનતાને આ બાબતમાં શું કહેશો તેનો ખુલાસો કરે. તેમ અતંમાં જણાવેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૧ | ૧૪૫૨ |
| ૨ | મગફળી | ૬૦૦ | ૯૦૫ |
| ૩ | ઘઉં | ૫૪૮ | ૫૪૮ |
| ૪ | ચણા | ૧૦૦૦ | ૧૩૧૦ |
| ૫ | તુવેર | ૧૭૨૫ | ૧૭૨૫ |
| ૬ | અડદ | ૧૨૮૦ | ૧૨૮૦ |
| ૭ | ધાણા | ૧૦૫૫ | ૧૨૧૫ |
| ૮ | સોયાબીન | ૫૮૫ | ૮૧૭ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૯૦ | ૧૧૪૦ |
| ૨ | શિંગ મોટી | ૭૧૯ | ૧૨૬૯ |
| ૩ | શિંગદાણા ફાડા | ૯૫૦ | ૧૨૫૨ |
| ૪ | તલ સફેદ | ૧૯૫૦ | ૨૭૦૦ |
| ૫ | તલ કાળા | ૩૨૦૦ | ૪૦૧૧ |
| ૬ | બાજરો | ૩૭૫ | ૪૫૫ |
| ૭ | જુવાર | ૫૨૫ | ૭૬૧ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૧ | ૬૫૧ |
| ૯ | ઘઉં લોકવન | ૫૧૫ | ૬૩૫ |
| ૧૦ | મગ | ૫૮૦ | ૧૮૬૦ |
| ૧૧ | અડદ | ૭૯૦ | ૧૫૩૨ |
| ૧૨ | ચણા | ૬૦૦ | ૧૫૪૩ |
| ૧૩ | કપાસ | ૮૫૦ | ૧૫૫૦ |
| ૧૪ | એરંડા | ૧૧૭૫ | ૧૨૩૧ |
| ૧૫ | જીરૂ | ૩૫૦૦ | ૪૪૯૫ |
| ૧૬ | રાયડો | ૧૦૯૯ | ૧૦૯૯ |
| ૧૭ | રાય | ૧૧૧૨ | ૧૧૧૨ |
| ૧૮ | ધાણા | ૯૧૦ | ૧૪૪૫ |
| ૧૯ | મેથી | ૯૧૦ | ૧૦૭૦ |
| ૨૦ | સોયાબીન | ૬૦૪ | ૮૭૨ |
| ૨૧ | રજકાનું બી | ૨૫૦૦ | ૫૬૦૦ |
| ૨૨ | વરીયાળી | ૬૦૦ | ૧૩૦૦ |
| ૨૩ | સુવાદાણા | ૧૩૪૦ | ૧૩૪૦ |

## પાના ૧ ઉપરનું ચાલું રાજુલા પંથકમાં હત્યાનો ગુન્હો

બોલાવતા તા. ૨૧ના રાત્રે વાગ્યાથી તા. ૨૨ના સવારે ૮ વાગ્યા સુધીમાં કોઈ પણ સમયે જૂની બારપટોળીથી નવી બારપટોળી ગામ તરફ જવાના રસ્તે નાગભાઈ દડુભાઈ વણઝર તથા તેમના મિત્ર મનુભાઈ સાથે મોટર સાયકલ લઈને બારપટોળી ગામે એકતાબેનને મળવા આવતા રસ્તા વચ્ચે આરોપીઓએ રચેલ પૂર્વ આયોજીત કાવતરા મુજબ આ કામના બીજા આરોપી કનુભાઈ બાબુભાઈ તથા નાગભાઈ વાસુર તથા અજાણ્યા પાંચ આરોપીઓએ ગેરકાયદે મંડળી રચી એક સંપ કરી લાકડી તથા લોખંડની પાઈપ વડે મનુભાઈ ઉર્ફે મામયોને માર મારેલ હતો. જેથી પ્રેમી નાગભાઈ પોતાનો જીવ બચાવી નાશી ગયેલ હતાં. જયારે મનુભાઈ ઉર્ફે મામયો ઉપર લાકડી તથા પાઈપ વડે માર મારી તેમજ માથાના ભાગે ગંભીર ઈજા કરતાં મનુભાઈ ઉર્ફે મામયો ભોપાભાઈ મકવાણાને સારવાર માટે ભાવનગર દવાખાને ખસેડાયેલ જયાં તેમનું મોત નિપજતા રાજુલા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

આ બનાવના આરોપીઓને પકડી પાડવા રાજુલા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. વી.એમ. કોલાદરાએ સુચના અને માર્ગદર્શન આપેલ હોય. જે આધારે રાજુલા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફને ખાનગી રાહે ચોકકસ હકિકત મળેલ કે, હિંડોરણા ગામ આગળ જુની કાતર જવાના હાઈવે રોડ ઉપરથી આ કામના આરોપીઓ એક વાહન લઈ નીકળવાની ફીરાકમાં છે. જેથી મળેલ હકિકત આધારે પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરા તથા સર્વેલન્સ સ્ટાફની ટીમ વોચમાં હતા તે દરમ્યાન આરોપી કનુભાઈ બાબુભાઈ લાખણોત્રા (રહે. જુની બારપટોળી), નાગભાઈ વાજસુરભભાઈ વાઘ (રહે. જસાધાર, તા.ગીરગઢડા), વિપુલભાઈ મેરાભાઈ કસોટીયા (રહે. નવા ઉગલા, તા.ગીરગઢડા), જયદીપભાઈ કાળુભાઈ ચૌહાણ (રહે. જસાધાર, તા. ગીર ગઢડા) તથા કાળુભાઈ મંગાભાઈ મેર (રહે. નવા ઉગલા, તા. ગીરગઢડા)ને પકડી પાડી આરોપીઓ વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. આરોપીઓને પકડી પાડી આરોપીઓ વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૬૬ | ૧૫૩૨ |
| ૨ | સોયાબીન | ૭૧૬ | ૭૧૬ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૦ | ૧૬૨૦ |
| ૨ | કપાસ કોડી | ૧૦૯૦ | ૧૨૮૦ |
| ૩ | મગફળી નવી | ૯૭૫ | ૧૧૨૫ |
| ૪ | મગ | ૧૪૩૦ | ૧૫૯૦ |
| ૫ | અડદ | ૧૩૭૦ | ૧૫૩૦ |
| ૬ | ઘઉં | ૫૧૨ | ૬૪૮ |
| ૭ | જીરૂ | ૪૦૨૦ | ૪૬૩૦ |
| ૯ | તલ સફેદ | ૨૧૩૦ | ૨૪૯૦ |
| ૧૦ | તલ કાળા | ૩૦૫૫ | ૩૪૭૫ |
| ૧૧ | સોયાબીન | ૬૯૪ | ૭૭૬ |
| ૧૨ | બાજરો | ૩૭૦ | ૩૯૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૭૬૦ | ૯૭૧ |
| ૨ | શીંગ મોટી | ૮૫૦ | ૧૧૬૭ |
| ૩ | તલ સફેદ | ૨૧૫૦ | ૨૫૫૦ |
| ૪ | તલ કાળા | ૩૨૦૦ | ૩૬૭૫ |
| ૫ | જીરૂ | ૪૦૦૦ | ૪૫૦૦ |
| ૬ | કપાસ | ૧૧૫૫ | ૧૬૩૨ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૩ | ૬૫૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૭૦ |
| ૯ | બાજરો | ૪૨૦ | ૫૬૮ |
| ૧૦ | જુવાર | ૫૬૨ | ૭૪૩ |
| ૧૧ | અડદ | ૧૧૦૦ | ૧૩૮૫ |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૧૪૦૦ |
| ૧૩ | મેથી | ૮૦૦ | ૧૧૬૧ |
| ૧૪ | રાય/રાયડો | ૧૨૦૦ | – |
| ૧૫ | ધાણા | ૧૦૦૦ | ૧૩૭૪ |
| ૧૬ | સોયાબીન | ૬૪૬ | ૮૧૦ |

## યુવા નેતા મનિષ સંઘાણીની અધ્યક્ષતામાં સાવરકુંડલા ખાતે યુથ પાર્લામેન્ટનું આયોજન કરાયું



અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને યુવા નેતા મનીષ સંઘાણીની અધ્યક્ષતામાં અમરેલી જિલ્લા સહકારી સંઘ અને વી. ડી. કાણકિયા આર્ટસ અને એમ. આર સંઘવી કોમર્સ કોલેજ કેપમ્સના વિદ્યાર્થીઓની બચત અને ગ્રાહક સહકારી મંડળી લી.ના સંયુક્ત ઉપક્રમે યુવાનોમાં રહેલ લીડર શીપ બહાર લાવવા અને યુવાનો સહકારી પ્રવૃત્તિમાં વધુ આગળ જોડાઈ જેના ઉમદા હેતુથી યુથ પાર્લામેન્ટનું આયોજન કરવામાં આવેલ જેમાં યુવાનો દ્વારા વિવિધ પ્રશ્નોતરી કરવામાં આવેલ અને જેના પ્રશ્નોનું યુવાનેતા મનીષ સંઘાણી દ્વારા સ્થળ પર જ નિકાલ કરવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા સહકારી સંઘના ડાયરેકટર શરદભાઈ પંડયા, સાવરકુંડલા શહેર ભાજપ અધ્યક્ષ પ્રવીણભાઈ સાવજ, સાવરકુંડલા તાલુકા ભાજપ અધ્યક્ષ જીવનભાઈ વેકરીયા સાવરકુંડલા નગર પાલિકા અધ્યક્ષ મહેલભાઈ ત્રિવેદી અમરેલી જિલ્લા સહકારી સંઘના એકઝીકયુટીવ ભાર્ગવભાઈ ત્રિવેદી કોલેજના પ્રિન્સિપાલ શૈલેષભાઈ રવૈયા, પ્રોફેસર હરિચંદ્ર દેશરાણી, સંઘના રૂપલબેન સીસણાદા, પ્રોફેસરઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.


### વેચવાની છે

ઈન્ડસઈન્ડ બેન્ક દ્વારા નીચે જણાવેલ કબજો લીધેલ વ્હીકલ વેચવાનું છે

MARUTI EECO
5 STR AC
MODEL - 2024 /
GJ 14 BD 6623

INDUSIND BANK LTD
1st Floor, Bhakti Kutir Complex, Opp. Gopi Cinema, Station road, Amreli.

Contact
HITESH CHUDASAMA
Mo.: 78780 03445



### વેચવાની છે

ઈન્ડસઈન્ડ બેન્ક દ્વારા નીચે જણાવેલ કબજો લીધેલ વ્હીકલ વેચવાનું છે

MARUTI EECO
7 STR AC
MODEL - 2014 /
GJ 07 BN 9075

INDUSIND BANK LTD
1st Floor, Bhakti Kutir Complex, Opp. Gopi Cinema, Station road, Amreli.

Contact
HITESH CHUDASAMA
Mo.: 78780 03445


## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૪૨ | ૫૭૭ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૪૫ | ૬૩૦ |
| ૪ | તુવેર | ૧૬૭૫ | ૧૬૭૫ |
| ૫ | તલ કાળા | ૩૩૬૦ | ૩૩૬૦ |
| ૬ | અડદ | ૮૧૦ | ૧૫૦૦ |
| ૭ | ધાણા | ૮૦૦ | ૧૦૦૦ |
| ૮ | સોયાબીન | ૫૦૧ | ૭૫૧ |
| ૯ | બાજરો | ૩૨૦ | ૩૨૦ |
| ૧૦ | મગફળી | ૬૫૦ | ૯૫૦ |
| ૧૧ | શીંગદાણા | ૧૦૦૦ | ૧૦૧૦ |
| ૧૨ | તલ સફેદ | ૧૮૭૦ | ૨૩૮૫ |
| ૧૩ | ચણા | ૧૦૬૦ | ૧૦૬૦ |
| ૧૪ | જીરૂ | ૩૫૦૦ | ૩૫૦૦ |
| ૧૫ | મકાઈ | ૫૪૫ | ૫૪૫ |

## દિવાળીનાં તહેવારોને અનુલક્ષીને અમરેલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં ૨૯ ઓકટોબરથી ૫ નવેમ્બર સુધી રજા જાહેર

### ૬ નવેમ્બરથી બજાર સમિતિ રાબેતા મુજબ શરૂ થશે

અમરેલી, તા. ૨૫

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, અમરેલી દ્વારા આગામી દિવાળી પર્વ નિમિતે તા. ૨૯/૧૦/૨૪ને મંગળવાર થી તા. ૫/૧૧/૨૪ને મંગળવાર સુધી રજા જાહેર કરવામાં આવે છે. જે સમય દરમ્યાન અમરેલી માર્કેટયાર્ડનું તમામ કામકાજ બંધ રહેશે.

તા. ૬/૧૧/૨૪ને બુધવાર (લાભ પાંચમ)થી અમરેલી માર્કેટયાર્ડનું કામકાજ રાબેતા મુજબ શરૂ થશે તેમજ લાલ સુકા મચ્ચાની પણ હરરાજી શરૂ કરવામાં આવશે. તેથી તમામ જણસીઓની આવકને તા. ૫/૧૧/૨૪ને મંગળવારના રોજ પ્રવેશ મળશે જેની દરેક લાગતા વળગતાઓએ નોંધ લેવા બજાર સમિતિના સેક્રેટરી તુષાર હપાણીએ એક અખબાર યાદીમાં જણાવેલ છે.


### સંકુલ જુન ૨૦૨૬ થી – બોયઝ કોલેજ આયોજન
### કમ્પાઉન્ડ બિલ્ડીંગ Entry Exit સેપરેટ

- ★ B.Sc. – M.Sc. – માઈક્રોબાયોલોજી & બાયોટેકનોલોજી બોયઝ કોલેજ
- ★ B.Com – M.Com ઈંગ્લીશ મિડીયમ & ગુજરાતી મિડીયમ બોયઝ કોલેજ
- ★ BBA – MBA – સૌરાષ્ટ્ર યુનિવર્સિટી & GTU બોયઝ કોલેજ
- ★ BCA – MCA – સૌરાષ્ટ્ર યુનિવર્સિટી & GTU બોયઝ કોલેજ
- ★ BA – MA – મેઈન ઈંગ્લીશ – સાયકોલોજી – સોસીયોલોજી બોયઝ કોલેજ

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)


### મામલતદાર અને તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી.નં. ૬૫/૨૪ તા. ૦૯/૧૦/૨૦૨૪

વિવાદી : શ્રી મગનભાઈ વિભાભાઈ મકવાણા, રહે. ખાનપર, તા.બાબરા, જિ.અમરેલી. (મો.નં. ૯૯૦૪૧ ૯૮૬૮૪)

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી : જન્મ–મરણ નોંધણી અધિકારી–વ–તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત ખાનપર, તા.બાબરા, જિ.અમરેલી

**–: જાહેર નોટિસ :–**

**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,અમરેલી જિલ્લાનાં **બાબરા** તાલુકાના **મોજે. ખાનપર** ગામના રહીશ આ કામના અરજદારશ્રી પુત્ર **શ્રી હંસરાજ મગનભાઈ મકવાણાનો જન્મ તા. ૨૬/૦૧/૨૦૦૫ના રોજ મોજે. ખાનપર, તા.બાબરા, જિ.અમરેલી** મુકામે થયેલ હોય જે તે સમયે તેમના **જન્મ**ની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી **જન્મ**ની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં **તા. ૦૩/૧૦/૨૪**થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ **જન્મનોંધ** દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૧૦/૨૦૨૪ના રોજ બપોરનાં ૧૨:૩૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

તાલુકા એક્ઝિકયુટીવ મેજીસ્ટ્રેટ
બાબરા

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૫૦ | ૯૧૪ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૦૦ |
| ૩ | તલ કાળા | ૩૫૦૦ | ૩૫૦૦ |
| ૪ | કપાસ | ૧૦૫૦ | ૧૬૦૧ |
| ૫ | બાજરો | ૪૭૦ | ૫૩૮ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૬૯ |
| ૭ | જુવાર | ૬૭૦ | ૭૭૯ |
| ૮ | મગ | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૯ | અડદ | ૧૦૫૨ | ૧૪૫૦ |
| ૧૦ | ચણા | ૧૨૫૧ | ૧૩૪૦ |
| ૧૧ | જીરૂ | ૪૫૦૦ | ૪૬૫૧ |
| ૧૨ | સોયાબીન | ૬૮૦ | ૭૮૭ |

### રોકાણકારોના ૬૦૦૦૦૦ કરોડ રૂપિયા ડૂબ્યા

# સતત પાંચમાં દિવસે સ્ટોક માર્કેટમાં કડાકો જોવા મળ્યો

**સેન્સેક્સ ૬૬૩ પોઈન્ટ ઘટીને ૭૯,૪૦૨ પર અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૧૮ પોઈન્ટ ઘટીને ૨૪,૧૮૦ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતા**

મુંબઈ, તા.૨૫

આજનું સેશન ભારતીય શેરબજાર માટે બ્લેક ફ્રાઈડે સાબિત થયું છે. કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, બેન્કિંગ અને ઓટો સેક્ટરમાં ભારે વેચવાલીને કારણે સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ સેશનમાં બજાર ભારે ઘટાડા સાથે બંધ થયું હતું.

સેન્સેક્સ ૮૦૦૦૦ ની નીચે સરકી ગયો છે અને મિડકેપ શેરો અને સ્મોલ કેપ શેરોમાં પણ ઘટાડો થયો છે. આજના સત્રમાં રોકાણકારોને રૂ. ૬ લાખ કરોડથી વધુનું નુકસાન થયું છે. બજાર બંધ થયા બાદ સેન્સેક્સ ૬૬૩ પોઈન્ટ ઘટીને ૭૯,૪૦૨ પર અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૧૮ પોઈન્ટ ઘટીને ૨૪,૧૮૦ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો. આજના કારોબારમાં સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૦માં તેજી સાથે જ્યારે ૨૦માં ઘટાડો જોવા મળ્યો હતો. ઈન્ડસઈન્ડ બેંકના શેરમાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો હતો, જે તેના ખરાબ પરિણામોને કારણે ૧૮.૭૯ ટકા ઘટીને બંધ થયો હતો.

આ સિવાય મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૩.૫૬ ટકા, L&T ૩.૦૧ ટકા, NPTC ૨.૭૩ ટકા, અદાણી પોર્ટ્સ ૨.૩૩ ટકા, મારુતિ ૨.૧૪ ટકા ઘટીને બંધ થયા છે. વધતા શેરોમાં ITC ૨.૨૪ ટકાના વધારા સાથે, એક્સિસ બેન્ક ૧.૮૫ ટકાના વધારા સાથે, HUL ૦.૯૬ ટકાના વધારા સાથે, સન ફાર્મા ૦.૫૩ ટકાના વધારા સાથે, ICICI બેન્ક ૦.૫૧ ટકાના વધારા સાથે બંધ થયા છે.આજે પણ શેરબજારમાં ભારે વેચવાલીથી રોકાણકારોને ભારે નુકસાન થયું છે. BSE પર લિસ્ટેડ શેરોનું માર્કેટ કેપ રૂ. ૪૩૭.૭૬ લાખ કરોડ પર બંધ થયું હતું, જે છેલ્લા સત્રમાં રૂ. ૪૪૪ લાખ કરોડની નજીક હતું. એટલે કે આજના સત્રમાં રોકાણકારોને રૂ. ૬ લાખ કરોડથી વધુનું નુકસાન થયું છે. આજે સૌથી વધુ ઘટાડો બેક્રિંગ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ઓટો, ઓઈલ એન્ડ ગેસ એનર્જી, મીડિયા અને મેટલ્સ સેક્ટરના શેરમાં જોવા મળ્યો છે. માત્ર ફાર્મા અને એફએનસીજી સેક્ટરના શેર જ ઉછાળા સાથે બંધ થયા છે. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ ૧૦૭૧ પોઈન્ટના ઘટાડા સાથે અને સ્મોલ કેપ ઈન્ડેક્સ ૪૦૧ પોઈન્ટના ઘટાડા સાથે બંધ થયા છે.બીએસઈ મીડકેપ સેગમેન્ટમાં કુલ ટ્રેડેડ ૧૩૨ શેર્સ પૈકી ૧૧૯ શેર્સમાં ૨૦ ટકા સુધી કડાકો નોંધાતા ઈન્ડેક્સ ૧૦૦૦ પોઈન્ટથી વધુ તૂટ્યો છે. પીએસયુ શેર્સમાં મોટાપાયે વેચવાલી નોંધાઈ છે. જેના પગલે BHEL, RVNL, SAIL, સેન્ટ્રલ બેક્રના શેર્સ ૫ ટકાથી વધુ તૂટ્યા હતા. વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતાઓ વચ્ચે વિદેશી રોકાણકારો મોટાપાયે રોકાણ પાછું ખેંચી રહ્યા છે. ઓક્ટોબરમાં ગઈકાલ સુધી એફઆઈઆઈએ કુલ ૯૭૨૦૫.૪૨ કરોડની વેચવાલી નોંધાવી છે. જેની સામે ડીઆઈઆઈએ રૂ. ૯૨૯૩૧.૫૪ કરોડની ખરીદીનો ટેકો શેરબજારને મળ્યો હોવા છતાં માર્કેટમાં કરેક્શનનું જોર વધ્યું હતું.

### AAPએ ભાજપ પર લગાવ્યો આક્ષેપ

# પદયાત્રામાં અરવિંદ કેજરીવાલ ઉપર હુમલાનો પ્રયાસ કરાયો

નવી દિલ્હી, તા.૨૫

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

તેઓ આજે વિકાસપુરીમાં પદયાત્રા કરી રહ્યા હતા, ત્યારે આ હુમલો કરવાનો પ્રયાસ કરાયો છે. આમ આદમી પાર્ટીએ કહ્યું કે, આ હુમલો ભાજપ દ્વારા કરવામાં આવ્યો છે. AAPએ પોલીસ પર પણ આક્ષેર કર્યો છે કે, કેજરીવાલ હુમલો કરવામાં આવ્યો ત્યારે દિલ્હી પોલીસે ભાજપના ગુંડાઓને ન રોક્યા.

આપના નેતા મનીષ સિસોદિયાએ કહ્યું કે, કેજરીવાલ પર થયેલો હુમલો ખૂબ જ નિંદનીય અને ચિંતાજનક છે. એ સ્પષ્ટ છે કે, આ હુમલો ભાજપે પોતાના ગુંડાઓ દ્વારા કરાવ્યો છે. જો કેજરીવાલને કંઈ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી ભાજપની રહેશે. અમે ડરવાના નથી. આમ આદમી પાર્ટી પોતાના મિશન પર અડગ રહેશે.

આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા અને દિલ્હીના મંત્રી સૌરભ ભારદ્વાજે કહ્યું કે, વિકાસપુરી પદયાત્રા દરમિયાન ભાજપ સાથે સંકળાયેલા લોકોએ કેજરીવાલ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો છે. ઈડી અને સીબીઆઈ અને જેલમાં પણ વાત ન બની તો હવે ભાજપવાળાઓએ અરવિંદ કેજરીવાલ પર હુમલાઓ કરાવી રહ્યા છે. જો કેજરીવાલને કંઈ પણ થશે તો, તેની જવાબદાર ભાજપ હશે.

# મોરબીમાં હચમચાવતી ફાયરિંગની ઘટના, એકનું મોત અને સાત ઈજાગ્રસ્ત

મોરબી, તા.૨૫

મોરબી શહેરમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. તેના પાછળનું કારણ છે કે શહેરમાં નજીવી બાબતે ફાયરિંગ જેવી ગંભીર ઘટના બની છે. જેને લઈને આ મુદ્દો હાલ જિલ્લામાં ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે. શહેરના માળિયા મી. ના વાગડીયા ઝાંપે આ ફાયરિંગની ઘટના બની છે. જેમાં બે બાળકો વચ્ચે થયેલી માથાકૂટ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હોવાનું સામે આવ્યું છે.આ ઘટનામાં એક સગીર સહિત કુલ સાત વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. જેથી તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે એક વ્યક્તિનું આ ઘટનામાં કરુણ મોત નિપજ્યું છે. જેના કારણે તેના પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હોય તેવી સર્જાઈ છે. ઘટનાને લઈને પોલીસ પણ દોડતી થઈ ગઈ છે અને સમગ્ર મામલે પોલીસે પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.બનાવની જો વિગતવાર વાત કરીએ તો બાળકો વચ્ચે કોઈ નજીવી બાબતે માથાકૂટ થઈ હતી. જેમાં કુલ ૭ ઈસમો દ્વારા ફાયરિંગ કર્યું હોવાનું ભોગ બનનારે જણાવ્યું છે. ઘટનામાં કુલ ૭ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. જેમાં તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે આ ઘટના હાલ જિલ્લામાં ચર્ચાનું કેન્દ્ર બની ગઈ છે અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ સામે ગંભીર સવાલો ઉઠ્યા છે.ઉલ્લેખનીય છે કે, આ ફાયરિંગની ઘટનામાં એક વ્યક્તિનું કરુણ મોત નિપજ્યું છે. જેથી તેના પરિવારમાં શોકનો માહોલ ફેલાઈ ગયો છે. બીજી તરફ ઘટનાની જાણ થતાં જ પોલીસ પણ તુરંત એક્શન મોડમાં આવી ગઈ અને પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જોકે ધોળે દિવસે બનેલી આ ઘટનાને લઈને લોકો વિચારમાં મુકાઈ ગયા છે. સાથે જ આ ફાયરિંગની ઘટના જિલ્લામાં ચર્ચાનું કેન્દ્ર બની ગઈ છે.

### વાવ વિધાનસભા બેઠક પર આમને સામને

# કોંગ્રેસના ગુલાબસિંહ, ભાજપના સ્વરૂપજી ઠાકોર આમને સામને

**છેલ્લી ઘડીએ બંને પક્ષોએ પોતાના ઉમેદવારના નામોની જાહેરાત કરી : વાવ બેઠકની ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ**

વાવ, તા.૨૫

વાવ વિધાનસભા બેઠક માટે ઉમેદવારોના નામને લઈને ખૂબ લાંબી રાહ જોવી પડી છે. છેલ્લી ઘડીએ બંને પક્ષોએ પોતાના ઉમેદવારના નામોની જાહેરાત કરી છે. કોંગ્રેસે વાવ બેઠકના ઉમેદવાર માટે ગુલાબસિંહ રાજપૂતનું નામ કર્યું હતું.

ત્યારબાદ હવે ભાજપે પણ પોતાના ઉમેદવાર તરીકે સ્વરૂપજી ઠાકોરના નામ પર મહોર મારતાંની સાથે જ વાવ બેઠકની ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. ભાજપ દ્વારા પહેલા ૯ લોકોને સુચના આપવામાં આવી હતી, મેન્ડેટ છેલ્લી ઘડીએ આપવાની વાત હતી. કોંગ્રેસની રણનિતિ પણ એવી જ હતી. પરંતુ કોંગ્રેસે ઉમેદવાર જાહેર કરતા ભાજપે સ્વરૂપજીને મેદાનમાં ઉતાર્યા તેથી બાકીના કોઈએ ફોર્મ ભરવાનું રહેતુ નથી. નારાજ લોકોને પણ મનાવી લેવાયા હોવાની ચર્ચા છે.

ઉલ્લેખનીય છે કે સ્વરૂપજી ઠાકોર ૨૦૨૨માં વાવ બેઠક પરથી ગેનીબેન ઠાકોર સામે ચૂંટણી લડ્યાં હતાં અને ૧૫,૬૦૧ મતથી હારી ગયા હતા. ઠાકોર સેનાના પ્રદેશ ઉપાધ્યક્ષ રહી ચૂકેલા સ્વરૂપજી ઠાકોર વાવ તાલુકાના બીયોક ગામના રહેવાસી છે. તેઓ ૨૦૧૯માં બનાસકાંઠા બેઠક પરથી અપક્ષ ઉમેદવાર તરીકે લોકસભાની ચૂંટણી લડ્યા હતા. તેમને ૪૮,૬૩૪ મત મળ્યા હતા.

કોંગ્રેસ જાતિગત સમીકરણોને ધ્યાનમાં રાખીને થરાદના પૂર્વ ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂતને વાવ બેઠકથી ટિકિટ આપી શકે છે. ૨૦૧૯ માં યોજાયેલી પેટા ચૂંટણીમાં તેઓ વિજેતા બન્યા હતા. તેમણે યુવા કોંગ્રેસ અને એનએસયુઆઈમાં ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે પણ કામ કર્યું છે. ગુલાબસિંહ રાજપૂતને રાજકારણ વારસામાં મળ્યું છે. વાવ-થરાદ વિધાનસભા ભેગી હતી ત્યારે દાદા હેમાભાઈ રાજપૂત ૨૦ વર્ષ સુધી ધારાસભ્ય રહી ચૂક્યા છે.

લોકસભા ચૂંટણી ૨૦૨૪માં રાજ્યમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ગઠબંધન થયું હતું. જેમાં ૨૬માંથી બે બેઠક ભરૂચ અને ભાવનગર બેઠક પર આમ આદમી પાર્ટી લડી હતી, જ્યારે બાકીની તમામ ૨૪ બેઠકો પર કોંગ્રેસે ઉમેદવાર ઉતાર્યા હતા. જો કે સુરત બેઠક બિનહરીફ થતા કોંગ્રેસે ૨૩ બેઠકો પર ચૂંટણી લડી હતી. લોકસભા ચૂંટણીમાં બનાસકાંઠા બેઠક પર વાવના ધારાસભ્ય રહેલા ગેનીબેન ઠાકોરની જીત થઈ હતી. ગુજરાતની ૨૬ બેઠકોમાંથી એક બેઠક કોંગ્રેસના ફાળે ગઈ હતી, જે બનાસકાંઠા બેઠક છે.

### હાલમાં આ અંગે પક્ષમાં ચર્ચાઓ અને મંથન

# આદિત્ય ઠાકરેને ટક્કર આપવા એકનાથ શિંદેનો ખાસ પ્લાન

**વરલી બેઠક પરથી મિલિંદ દેવરાને મેદાનમાં ઉતારી શકે**

મુંબઈ, તા.૨૫

મહારાષ્ટ્રમાં યોજાનારી આગામી વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ને લઈને શિવસેના(ઉદ્ધવ) અને શિવસેના(શિંદે) વચ્ચે રસપ્રદ મુકાબલો જોવા મળી શકે છે. હવે ચૂંટણીને લઈને એવા સમાચાર સામે આવી રહ્યા છે કે, મુંબઈની વરલી બેઠક પરથી શિવસેના(ઉદ્ધવ)ના આદિત્ય ઠાકરે સામે શિવસેના(શિંદે) પોતાના ઉમેદવાર તરીકે મિલિંદ દેવરાને મેદાનમાં ઉતારી શકે છે.

હાલમાં આ અંગે પક્ષમાં ચર્ચાઓ અને મંથન ચાલી રહ્યું છે. એકનાથ શિંદેએ મિલિંદ દેવરા સહિત પક્ષના તમામ મોટા નેતાઓ સાથે વાત કરી છે. જો કે હજુ આ અંગે કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. મુંબઈની વરલી બેઠક પર ઉમેદવારીને લઈને મિલિંદ દેવરા નજીકના સુત્રોએ જણાવ્યું હતું કે, આ અંગે પક્ષની અંદર ચર્ચા અને વિચાર-વિમર્શ કરવામાં આવી રહ્યો છે. જો કે અંતિમ નિર્ણય પક્ષ જ લેશે. અહીં તમને જણાવી દઈએ કે, લોકસભાની ચૂંટણી પહેલા મિલિંદ દેવરા કોંગેસ છોડીને શિવસેના(શિંદે)માં સામેલ થયા હતા. મિલિંદ બે વખત મુંબઈ દક્ષિણથી સાંસદ રહી ચૂક્યા છે. અને હાલમાં તે રાજ્યસભાના સાંસદ છે. તેમના પિતા મુરલી દેવરા મુંબઈના મેયર અને કેન્દ્રીય મંત્રી રહી ચૂક્યા છે.

આદિત્ય ઠાકરેએ પહેલી વખત વર્ષ ૨૦૧૯માં વરલી બેઠક પરથી વિધાનસભાની ચૂંટણી લડી હતી. તેણે દ્રઝઁના ઉમેદવાર સુરેશ માણેને ૬૭ હજારથી વધારે મતથી હરાવ્યા હતા. એ વખતે મહારાષ્ટ્રમાં શિવસેના અને ભાજપની ગઠબંધન સરકાર હતી. છેલ્લી ચૂંટણીમાં સ્દ્રજીએ આદિત્ય ઠાકરે સામે ઉમેદવાર ઊભો રાખ્યો ન હતો. આ સ્થિતિમાં જો મિલિંદ દેવરા મેદાનમાં ઉતરશે તો મુકાબલો જોરદાર રહેશે.

મહારષ્ટ્રમાં ૨૦ નવેમ્બરે એક જ તબક્કામાં ૨૮૮ બેઠકો પર મતદાન યોજાશે. જ્યારે ૨૩મી નવેમ્બરે પરિણામ જાહેર થશે. આ દરમિયાન બંને ગઠબંધનમાં બેઠકની વહેંચણી અંગેનો નિર્ણય અંતિમ તબક્કામાં છે. મહાયુતિમાં ૧૦બેઠક પર મડાગાંઠ છે, તો બીજી તરફ મહાવિકાસ અઘાડીમાં ૨૦-૨૫ બેઠકો પર વિવાદ ચાલી રહ્યો છે.

### સંજયકાકા પાટીલ-નિશિકાંત ભોસલે પાટીલ જોડાયા

# ભાજપના બે નેતાઓ અજીત પવારની પાર્ટી NCPમાં જોડાયા

**સંજયકાકા પાટીલે કહ્યું કે તાસગાંવ કવઠે મહાકાલ સહિત બે વિધાનસભા બેઠક NCPને મળી હતી, તેથી જોડાયો**

મુંબઈ, તા.૨૫

મહારાષ્ટ્ર ભાજપના નેતા નિશિકાંત ભોસલે પાટીલ અને પૂર્વ BJP સાંસદ સંજયકાકા પાટીલ આગામી ચૂંટણીઓ પહેલાં આજે શુક્રવારે (૨૫ ઓક્ટોબર) નાયબ મુખ્યમંત્રી અજીત પવારની હાજરીમાં NCPમાં જોડાયા. તે પછી તરત જ પાર્ટીએ નિશિકાંત ભોસલે પાટીલને ઈસ્લામપુર અને સંજયકાકા પાટીલને તાસગાંવ કવઠે મહાકાલ વિધાનસભા બેઠક પરથી પોતાના ઉમેદવાર બનાવી દીધા. NCPમાં જોડાયા બાદ પૂર્વ BJP સાંસદ સંજયકાકા પાટીલે કહ્યું, "NCP મહાયુતિનો ભાગ છે. અમારા જિલ્લાની તાસગાંવ કવઠે મહાકાલ સહિત બે વિધાનસભા બેઠક NCPને મળી હતી. જ્યારે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી મારે લડવાની હતી ત્યારે હું NCPમાં જોડાઈ ગયો."

બીજેપીના નેતા નિશિકાંત ભોસલે પાટીલે NCPમાં જોડાયા બાદ કહ્યું, "હું આજે અમારા નેતા દેવેન્દ્ર ફડણવીસના નિર્દેશ પર NCPમાં જોડાયો છું. ઈસ્લામપુર વિધાનસભા બેઠક NCPના ફાળે જવાના કારણે મારે BJPથી NCPમાં જવું પડ્યું. હું ઈસ્લામપુર બેઠક પરથી NCPની ટિકિટ પર ચૂંટણી જીતીશ."જણાવી દઈએ કે અજીત પવારની પાર્ટી NCPએ આજે શુક્રવારે ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. આમાં સાત ઉમેદવારોના નામ સામેલ છે, જ્યારે આ પહેલાં બુધવારે પાર્ટીએ ૩૮ ઉમેદવારોની પોતાની પહેલી યાદી જાહેર કરી હતી. આમાં નાયબ મુખ્યમંત્રી અજીત પવાર (બારામતી) સહિત અનેક નેતાઓના નામ સામેલ હતા.

### મહાવિકાસ અઘાડીમાં બળવો !

# સપાએ અલ્ટીમેટમ આપી કહ્યું, પાંચ બેઠકો આપો નહીં તો...

**સપાએ MVAને એક દિવસનું અલ્ટીમેટમ આપ્યું છે**

મુંબઈ, તા.૨૫

મહારાષ્ટ્રની ચૂંટણીમાં મહાયુતિ ગઠબંધને પોતાની પ્રથમ યાદી જાહેર કરી દીધી છે. જ્યારે મહાવિકસ અઘાડીમાં હજી પણ બેઠકોની વહેંચણી મુદ્દે ખેંચતાણ જોવા મળ્યો છે. એક તરફ મહાગઠબંધનના ત્રણ મોટા પક્ષો- કોંગ્રેસ, એનસીપી (શરદ) અને શિવસેના (યુબીટી) એ ૮૫-૮૫ બેઠકો પર ચૂંટણી લડવાની જાહેરાત કરી છે, તો બીજી તરફ બાકીની બેઠકો પર અન્ય પક્ષોના દાવાને લઈને વિવાદ ચાલી રહ્યો છે.

સમાજવાદી પાર્ટીએ MVAને એક દિવસનું અલ્ટીમેટમ આપ્યું છે. સપાએ ૫ બેઠકોની માંગણી કરી છે. જો આમ ન થાય તો I.N.D.I.A બ્લોક સિવાયની ૨૫ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખવાની ચીમકી આપી છે. સપાના મહારાષ્ટ્રના અધ્યક્ષ અબુ આસિમ આઝમીએ શુક્રવારે શરદ પવાર સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન તેમણે ૫ બેઠકોની માંગણી કરી હતી અને તેનો જવાબ શનિવાર સુધીમાં આપી દેવાનું અલ્ટીમેટમ પણ આપ્યું છે. આઝમીએ જણાવ્યું હતું કે, મેં ૫ બેઠકો માંગી છે. તેમાં હાલની બે બેઠકો (ભિવંડી પૂર્વ અને માનખુર્દ) સમાવિષ્ટ છે. આ સિવાય ભિવંડી પશ્ચિમ, માલેગાંવ અને ધુલે શહેર માટે વધુ ત્રણ બેઠકોની માંગણી કરવામાં આવી છે. જો અમને આ બેઠકો મળે છે તો તેના પર જીત નિશ્ચિત છે. હું આવતીકાલે (શનિવાર) બપોર સુધી રાહ જોઈશ. તે પછી હું મારો નિર્ણય લઈશ. હું ૨૫ ઉમેદવારોની જાહેરાત કરીશ.

આઝમીએ જણાવ્યું હતું કે, ખુદ અખિલેશ યાદવે મને મહારાષ્ટ્રમાં નિર્ણય લેવાની સત્તા સોંપી છે. જો નવાબ મલિક ઈચ્છે તો તેઓ મારી વિરૂદ્ધ માનખુર્દ-શિવાજી નગરમાં ચૂંટણી લડી શકે છે. જો તમે લઘુમતીઓને પ્રતિનિધિત્વ નહીં આપો તો તેઓ ચૂંટણી લડશે અને તમારી સાથે હરિયાણા વાળી થશે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીની કુલ ૨૮૮ બેઠકોમાંથી મહા વિકાસ અઘાડી ગઠબંધનમાં કોંગ્રેસ, એનસીપી (શરદ પવાર), અને શિવસેના (યુબીટી) વચ્ચે ૮૫-૮૫ બેઠકો વહેંચાઈ ગઈ છે. બાકીની ૩૩ બેઠકો પર અન્ય નાના-મોટા પક્ષોને ફાળવવા મુદ્દે ચર્ચાઓ અને બેઠકો થઈ રહી છે. શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે જણાવ્યું હતું કે, આ બેઠકો પર અમે સમાજવાદી પાર્ટી, પીડબ્લ્યૂપી, સીપીઆઈ (એમ), સીપીઆઈ અને આપને સામેલ કરીશું.

# સાવરકુંડલા : માનવમંદિર ખાતે વીરદાદા જસરાજ સેના દ્વારા દિપોત્સવની ઉજવણી



સાવરકુંડલા, તા.૨૫

હા,. હવેદિવાળીનાતહેવારો ખૂબ જ નજીક આવી રહ્યા છે એવા સમયે સાવરકુંડલાખાતેસેવાનાસારથીસમાન વીરદાદા જસરાજ સેના ટ્રસ્ટના પ્રતિનિધિઓ દ્વારા માનવ મંદિરે રૂબરૂ મુલાકાતલઈનેહરિનાબાળકોસાથેએક નાના બાળક બની ફટાકડા ફોડવાનો કાર્યક્રમયોજાયોહતો. આપ્રસંગેવીરદાદા જસરાજસેનાનાટ્રસ્ટીચંદ્રેશભાઈ રવાણી દ્વારા માનવ મંદિરે ભક્રિરામબાપુની નિશ્રામાં હરિના બાળકો સાથે ફટાકડા ફોડીને હરિના બાળકોના વદન પર એક આછેરૂ સ્મિત લાવવાનો નમ્રપ્રયાસ કર્યો. તેમનીસાથેઆકાર્યમાંહસુભાઈ સૂચક, હિતેશ સરૈયા, અનિભાઈ સાગર, કનુભાઈ ડોડીયા, અશોકભાઈ ખુમાણ, ભાવેશ બગડા, મહેશ મશરૂ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજનવીરદાદાજસરાજસેનાટ્રસ્ટ સાવરકુંડલાદ્વારાકરવામાંઆવેલ.

# અમરેલી ખાતે સંકલિત પોષણ વ્યવસ્થાપન વિષય ઉપર પંદર દિવસીય તાલીમ કાર્યક્રમના સર્ટીફિકેટનું વિતરણ



અમરેલી, તા. ૨૫

અમરેલી વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, અમરેલી ખાતે ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સ એટલે કે સંકલિત પોષણ વ્યવસ્થાપન વિષય ઉપર પંદર દિવસીય સર્ટિફિકેટ તાલીમ ઈનપુટ ડીલર મિત્રો માટે તા. ૩૦/૯/૨૪ થી ૧૫/૧૦/૨૪ સુધી આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વિવિધ એગ્રો અને મંડળીઓના તાલીમર્થીઓને સર્ટિફિકેટ વિતરણનું કાર્યક્રમ આજ રોજ તા. ૨૫/૧૦/૨૪ના રોજ આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં જુનાગઢ કૃષિ યુનિવર્સિટીમાન. વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એન.બી.જાદર કેવી કે, અમરેલી ખાતે હાજર રહી અને તાલીમાર્થીઓને સર્ટીફિકેટ આપ્યા હતા અને વેપારી મિત્રોને એ પણ જણાવ્યું હતું કે ખેડૂતો દરેક પાકમાં ભલામણ પ્રમાણે માટી પરીક્ષણને આધારે યોગ્ય બધાજ ખાતરોજો ઉપયોગ કરે સાથે જૈવિક ખાતરો અને સુક્ષ્મ તત્વોનો પણ ઉપયોગ કરતાં થયા તથા ખેતીમાં ઓછા ખર્ચે વધુ આવક મેળવે તેવી આશા વકત કરી હતી.

આ કાર્યક્રમમાં સહ વિસ્તરણ શિક્ષણ નિયામકપ ડો.એચ.સી. છોડવડિયા, બગસરા એગ્રો. એસોસિયેસન પ્રમુખ, કે.બી. ગોંડલિયાઓને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડો. પી.જે. પ્રજાપતિ તથા કેવીકેના વૈજ્ઞાનિકો ડો. પ્રીતિબેન જયસ્વાલ અને એન.એમ. કાછડિયા દ્વારા આ કાર્યક્રમની ગોઠવણ કરવામાં આવી હતી. આ તાલીમ કાર્યક્રમમાં કુલ ૬૫ જેટલા ડીલર્સ તાલીમાર્થીઓને સફળતા પૂર્વક ભાગ લઈ સર્ટિફિકેટ મેળવ્યા હતાં.

### સર્જકતાનો અદભુત સમન્વય

# વીજપડી ગામે હસ્તકલા કારીગરી અને વેસ્ટ માંથી બેસ્ટ

**ઉત્તમ કલા કારીગરીનું અદભુત ઉદાહરણ**



સાવરકુંડલા, તા.૨૫

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે ઘનશ્યામ બુક સ્ટોર ચલાવતા ઘનશ્યામભાઈ પોપટભાઈ ડોડીયા કે જે વિજપડી ખાતે આવેલ મેઈન બજારમાં સ્ટેશનરીની દુકાન ધરાવે છે. પોતાના આ વ્યવસાયને ચલાવતાં ચલાવતાં પોતે વેસ્ટ માંથી બેસ્ટ વસ્તુઓનું સર્જન કરતાં જોવા મળે છે. પોતાનીહસ્તકલા કારીગરી દ્વારા ભગવાનની મૂર્તિ બનાવી. પથ્થરની શીલા ઉપર મીણથી મૂર્તિ આબેહૂબ કંડારી હસ્તકલાની ઉત્તમ કામગીરીનો નમૂનોલોકોસમક્ષપ્રદર્શિતકરતાઆવ્યા છે. અત્યાર સુધીમાં કમસેકમ ૨૦૦થી ૨૫૦ જેટલી હસ્તકલા કારીગરી તેમજ વેસ્ટમાંથી બેસ્ટના અનેક નમૂનાઓ બનાવીપોતેપોતાનીકારીગરીનોપરિચય આપ્યો છે. આમ ગણીએ તો સર્જકતા અને એ પણ નાવીન્ય પૂર્ણ. જેને આપણે ઈનોવેટિવ સ્કિલ પણ કહી શકીએ.

### માર્કેટયાર્ડનાં ચેરમેન શૈલેષ સંઘાણીની માંગ

# અમરેલી જિલ્લામાં અતિવૃષ્ટિ થી થયેલ ખેતી પાકોનાં નુકસાનનુ સર્વે કરો

**કપાસ, મગફળી, સહિતનાં પાકને વ્યાપક નુકસાન**



અમરેલી, તા. ૨૫

અમરેલી માર્કેટયાર્ડના ચેરમેન શૈલેષ સંઘાણીએ અમરેલી જિલ્લામાં તાજેતરમાં થયેલ અતિવૃષ્ટિથી કપાસ, મગફળી, સહિતના ખેતીપાકોને વ્યાપક નુકસાન થયાનુ જણાવીને તાત્કાલીક નુકસાનનુ સર્વે કરીને જિલ્લાનાં ખેડુતોને આર્થિક સહાય ઝડપથી કરવાની માંગ કરેલ છે.

## દેશનાં મહાનુભાવોની પ્રતિમાનું આગામી દિવસોમાં અનાવરણ થવાનું હોય

# ચમારડીનું પાદર સૌ માટે બન્યુ આકર્ષણનું કેન્દ્ર

બાબરા-ગોંડલ સ્ટેટ હાઈવે ઉપર આવેલ ચમારડી ગામનાં પાદરમાં નવોઢા જેવો શણગાર કરવામાં આવ્યો

સમી સાંજે અદ્દભૂત લાઈટ ડેકોરેશનને નિહાળવા મોટી સંખ્યામાં આબાલ-વૃધ્ધ પધારે છે

આજુબાજુનાં ગામજનો અને હાઈવે ઉપરથી પસાર થતાં વાહનચાલકો પણ ખૂશી વ્યકત કરી રહ્યા છે

ભામાશા ગોપાલ વસ્તરપરાનાં જી.પી. વસ્તરપરા ટ્રસ્ટ દ્વારા કાર્યક્રમને લઈને તડામાર તૈયારીઓ



અમરેલી, તા. ૨૫

બાબરાનાં ચમારડી ગામે આગામી ૩૧ ઓકટોબરનાં રોજ ભગવાન ભોળાનાથની ભવ્ય મૂર્તિની સ્થાપના સાથે દેશનાં મહાનુભાવો મહાત્મા ગાંધી, ડો. બાબાસાહેબ આંબેડકર, સ્વામી વિવેકાનંદ, સુભાષચંદ્રબોઝ, શ્રીકૃષ્ણકુમારસિંહજી, કેશુભાઈ પટેલ, શહીદ ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદની પ્રતિમાનું સ્થાપન થવાનુંહોય ગામનાં પાદરને નવોઢા જેવો શણગાર કરવામાં આવ્યો છે.

ચમારડીનાંવતનીઅનેસુરત સ્થિતભામાશાગોપાલવસ્તરપરાધ્વારા માતૃભૂમિ અને દેશ માટે ઐતિહાસિક કાર્યો કરનાર મહાનુભાવોને ભાવિ પેઢી યાદ કરે તે માટે ગામનાં પાદરમાં આવેલ એસ.ટી. પીકઅપ સ્ટેન્ડ, સ્મશાન સહિતનાં સ્થળોનું નવિનીકરણ કરીને દેશના મહાનુભાવોની પ્રતિમાનુંસ્થાપન તેમનાં જી.પી. વસ્તરપરા ચેરિટેબલ ટ્રસ્ટ ધ્વારા સ્થાપન કરવામાં આવી રહ્યું હોય પાદરને નવોઢા જેવો શણગાર

અનુસંધાન પાના ૬ ઉપર

### વિપક્ષી નગર સેવક સેજલબેન સોલંકીનો ચોંકાવનારો આક્ષેપ

# અમરેલીમાં અમુક નારાજ નગર સેવકોને ૧૫ હજાર અને ન માને તો ૨૫ હજાર સુધીનાં કવર પણ આપવામાં આવ્યા

### પાલિકાનાં શાસકો શહેરીજનોને પ્રાથમિક સુવિધા આપવામાં નિષ્ફળ

અમરેલી, તા. ૨૫

અમરેલી નગરપાલિકાનું શાસન ભ્રષ્ટ બન્યું છે તે અંગે નગરપાલિકા વિરોધ પક્ષ ઉપનેતા શ્રીમતિ સેજલબેન પ્રહલાદભાઈ સોલંકીએ પ્રેસમિડીયામાં જણાવ્યું હતું કે, સોશીયલ મીડીયા માફરતે ભાજપનાં જણાવ્યા મુજબ રંગોળી ઉંચી કરવાનાં ૧૫૦૦૦/– અને ખેડુતોને અન્યાય તે સંદર્ભે જણાવવાનું કે, ભાજપનાં અગ્રણીનું અમરેલીની જનતાને જાણવા જોગ સારૂ સ્ટેટમેન્ટ છે, ભ્રષ્ટાચાર ખુબ વધ્યો છે જે કોંગ્રેસના આગેવાનો જ નહી પણ ચાજણે ખુદ સ્વીકાર્યુ છે ભ્રષ્ટાચારમાં ભાજપ ખુપી ગયું છે

અનુસંધાન પાના ૬ ઉપર


ક્રિષ્ના ડાઈનીંગ હોલ

Krishna DINING HALL

અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...

ફુલ ગુજરાતી થાળી

પાર્સલ સુવિધા ઉપલબ્ધ

સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ

અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પૂરી તકેદારી રાખવામાં આવે છે.

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.

જયદીપ પટેલ

: હેડ ઓફિસ :

ક્રિષ્ના કેટરર્સ

કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.

રમેશભાઈ પટેલ



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ

70,500/-

(૧૦ ગ્રામ)

રહેલ તા. ૨૫/૧૦/૨૦૨૪ ના રોજ

હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો

95558 11166

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,

કસ્ટમર કેર નંબર : ૬૩૫૪૯ ૩૧૩૬૬


## જાહેર આમંત્રણ

હું ગોપાલભાઈ વસ્તરપરા (ચમારડી) આપ સૌ જો છો એમ આવનારી ૩૧ મી ઓક્ટોબર ૨૦૨૪ને ૧૪૯ મી સરદાર પટેલ જયંતિ નિમિત્તે ચમારડી ખાતે એક રાષ્ટ્રીય કાર્યક્રમ થવા જઈ રહયો છે જેમાં સરદાર વલ્લભભાઈ પટેલ, ડૉ. બાબા સાહેબ આંબેડકર મહારાજ કૃષ્ણ કુમારસિંહ (ભાવનગર) કેશુભાઈ સવદાસભાઈ પટેલ મહાત્મા ગાંધીજી, સ્વામી વિવેકાનંદ, શહીદ ભગતસિંહ, નેતાજી સુભાષ ચંદ્ર બોઝ, ચંદ્રશેખર આઝાદ, શ્રી માંધાતા મહારાજ, દેવોના દેવ મહાદેવ, અશોક સ્તંભ આ પ્રતિમાઓનું અનાવરણ નો કાર્યક્રમ રાખેલો છે તો આપશ્રી તમામ મારા મિત્રો વડીલો જે મને ઓળખતા હોઈ કે ન ઓળખતા હોઈ તમામ ને આ રાષ્ટ્રીય કાર્યક્રમ માં જોડાવા મારૂ ભાવભર્યું આમંત્રણ છે આવો સૌ સાથે મળીને સરદાર સાહેબ ના તથા બાબા સાહેબ ના તથા અન્ય ક્રાંતિકારીઓ અને દેશ માટે પોતાનું સર્વસ્વ બલિદાન આપનાર વીર સપૂતો ગુણગાન ગાય ને ધન્યતા અનુભવીએ.

આપનો વિશ્વાસુ



ગોપાલભાઈ ચમારડી




*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)